॥ ૐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગો દેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ॥

સમાજ નિર્માણ તથા સાંસ્કૃતિક પુનરુત્થાન માટે સમર્પિત

# પ્રજ્ઞા અભિયાન

સંસ્થાપક-સંરક્ષકઃ વેદમૂર્તિ, તપોનિષ્ઠ પં. શ્રીરામ શર્મા આચાર્ય એવમ્ વંદનીય માતા ભગવતી દેવી શર્મા

અંક નં-૧૦ વર્ષ-૨૦ વાર્ષિક લવાજમ-દેશમાં-૩૦.૦૦ વિદેશમાં-૪૦૦.૦૦ ૨૧ ડિસેમ્બર-૨૦૧૦




## ગીતા ક્રાંતિની અંગારી છે, કિંકર્ત્તવ્યવિમૂઢ સમાજની માર્ગદર્શિકા છે.



### દાનવતાનું તાંડવ

દેશમાં આતંકવાદ તથા કોમી રમખાણો અને એનાથી થનારા જાન-માલનું નુકશાન દિવસે દિવસે વધતું જ જાય છે. જે બાજુ જોઈએ છીએ એ બાજુ દાનવતાનું તાંડવ નૃત્ય નજર આવે છે. ભયંકર ઉપદ્રવ જેના વિષયમાં ક્યારેય કલ્પના પણ નહોતી કરી, એ પ્રત્યક્ષ જોવા મળે છે. આપણે આપણી સામે અસંખ્ય માતા-બહેનો, બાળકો તથા વહુ-દીકરીઓને આ અકાળ મૃત્યુંનો ગ્રાસ બનતા દરરોજ જોઈ રહ્યા છીએ. જે જાતિના પૂર્વજોએ ડગલેને પગલે સંસારને વીરતાનો અલૌકિક રણકાર સંભળાવ્યો હતો અને અન્યાય તથા અત્યાચારનો અંત કરીને વિશ્વમાં સુખ-શાંતિનું સામ્રાજ્ય સ્થાપિત કરવાનો દિવ્ય સંદેશ આપ્યો હતો, આજે એના જ વંશજ આપણે એમના ઉપદેશની વિરુદ્ધ ચાલીએ તો એ જોઈન કોને દુઃખ નહીં થાય?

### ગીતામાં છે સમાધાન

શતાબ્દીઓથી પરતંત્રતાની ઝંઝીરોમાં જકડાયેલ ભારતીય સમાજમાં શારીરિક ગુલામીની સાથે સાથે બૌદ્ધિક પરતંત્રતાને જે એ રીતે અપનાવી લીધી છે કે તેને પોતાના સાહિત્યનું જ્ઞાન તો દૂર રહ્યું, તેનો પરિચય મેળવવો પણ વ્યર્થ સમજ્યો અને વિદેશી સાહિત્યનું અધ્યયન અને આંધળું અનુકરણ માત્ર જ જીવનનો ઉચ્ચ ધ્યેય સમજી લીધો. અગર પ્રત્યેક વ્યક્તિ ગીતાનું જ માત્ર અધ્યયન કરી તેના બતાવેલા માર્ગે આચરણ કર્યુ હોત તો? યુદ્ધથી વિમુખ અને કાયરતાના રોદણા રોવાવાળા અર્જુન જેવા ક્ષત્રિયને જેને મધુર સંદેશ દ્વારા યુદ્ધ માટે ઉત્તેજિત કરી દીધો હતો અને ભયંકર સંગ્રામ દ્વારા શત્રુઓનો સંહાર કરી નિર્બળ પાંડવોના ગળામાં વૈજયંતિ પહેરાવી દીધી. શું આજે પણ ગીતાના પ્રત્યેક શબ્દમાં તે ધધકતી આગ નથી?

ભારતની વીર જાતિનું દુર્ભાગ્ય છે કે તેને સ્વદેશાભિમાન અને વીરતામાં વિશ્વાસની જગ્યાએ માત્ર પોતાના ભાઈઓનું લોહી ચુસીને ધન એકઠું કરવાનું શીખી લીધું છે. એ ઈચ્છા જ એમનામાં કાયરતા ભરી રહી છે. ગીતામાં આવા મનુષ્યોને ખૂબ ફટકાર્યો છે અને તેને અનાર્ય તથા દુર્બળ હૃદયનો કહેવામાં આવ્યો છે. આ જ વિષય પર અર્જુનને સંબોધન કરતા શ્રીકૃષ્ણએ કહ્યું હતું કેઃ-

कुतस्त्वा कश्मलमिदं विषमे समुपस्थितम्
अनार्य जुष्टमस्वर्ग्यकीर्तिकरमर्जुन।
ज़्लैज़्यं मा स्मगमः पार्थ नैतज़्वय्युपद्यते,
क्षुद्रं हृदयदौर्बल्यं त्यज़्त्वोज़्ष्ठि परंतप।

હે અર્જુન! આ સંકટના સમયે તારામાં આ પ્રકારનો અજ્ઞાનયુક્ત મોહ કેવી રીતે પેદા થઈ ગયો કે "હું મારા સંબંધિઓને રણમાં મારીશ નહી." આ ભાવના તો અનાર્યોના હૃદયમાં પેદા થાય છે. જેનાથી અપયશ અને નરક જ પ્રાપ્ત થાય છે. એટલા માટે ગભરાઈશ નહીં. તારા જેવા વીરપુરુષ માટે આ વાત શોભા નથી દેતી. હૃદયની દુર્બળતા અને ક્ષુદ્રતાને છોડો અને ઉઠો અને શત્રુઓની સામે જઈને લડો. અગર તુ આ ક્ષત્રિય ધર્મનું પાલન નહીં કરે તો '**ततः स्वधर्म कीर्तिञ्च हत्वा पापमवाप्स्यसि**' અર્થાત્ સ્વધર્મ અને યશ વિના સંસારમાં તારુ જીવિત રહેવું ઉચિત નથી. કેમ કે '**सज़्भावितस्य च कीर्तिर्मरणादतिरिच्यते**', સંસારમાં પ્રતિષ્ઠિત વ્યક્તિની નિંદા મૃત્યુથી પણ ભયંકર છે.

### આપણા ઈષ્ટ અને આદર્શ

વેદો અને શાસ્ત્રોએ માત્ર વીરતાના ગીતો જ નથી ગાયા, એમના પૂજ્ય દેવતાઓએ સ્વયં શસ્ત્ર ગ્રહણ કરીને આ શિક્ષણને કાર્ય રૂપમાં પરિવર્તિત કરીને દેખાડી દીધું છે. શિવજીએ ત્રિશુલ, દુર્ગાએ ધનુષ, ભાલા, તલવાર વગેરે, ગણેશે શંકુ અને હનુમાને ગદા ગ્રહણ કરી છે. દ્રોણાચાર્યે તો ત્યાં સુધી કહી દીધું હતું કેઃ-

अग्रतः चतुरो वेदान् पृष्ठतः सशरं धनुः।
इदं ब्राह्मं क्षात्रं शापेन च शरेण च॥

અર્થાત્ બ્રાહ્મણ હોવાના નાતે મારી આગળ ચાર વેદ રાખ્યા છે અને મારી પાછળ યુદ્ધ માટે ધનુષ પડ્યું છે. મારી પાસે બ્રાહ્મ અને ક્ષાત્ર બન્ને તેજ છે. જેનું કામ પડશે તેનો જ ઉપયોગ કરીશ. કાશ! આપણા પૂર્વજોના આ આદર્શોને ભૂલીને આજે દેશ વિરુદ્ધ દિશામાં જઈ રહ્યો છે.



જે જાતિના નાના નાના ભૂલકાઓએ માત્ર એક સ્ત્રીનું અપમાન સહન ન કરી મહાભારત જેવો ભયંકર સંગ્રામ કર્યો અને એ અપમાનનો બદલો લીધો, એમના જ સંતાનો આજે હિન્દુ જાતિ છે. જેની સામે પ્રતિદિન હજારો અબળાઓની આબરુ લુટવામાં આવી રહી છે, એમની હત્યા કરવામાં આવી રહી છે, એમના નાના નાના બાળકોને આગની જ્વાળાઓમાં ધકેલવામાં આવે છે અને એમના પરિવારવાળાઓને રૂમમાં બંધ કરીને આગ લગાડીને ભસ્મ કરવામાં આવી રહ્યા છે, પરંતુ તેમ છતાં તેમના લોહીમાં કોઈ ઝનૂન પેદા થતું નથી.

શ્રીકૃષ્ણને કોણ નથી જાણતું, જેમના શ્રીમુખથી ગીતાનો અમર ઉપદેશ નિકળ્યો છે. એમના જેવા વીર અને દૃઢ પ્રતિજ્ઞાવાન મનુષ્ય આજ સુધી કોઈ નથી થયો. જે સમયે દ્રૌપદીએ તેમને દૂતના રૂપમાં જતાં જોયું તો તેમને કહ્યું "ભાઈ! આપ એમની સાથે સંધિ કરવા તો જઈ રહ્યા છો, પરંતુ મારા વાળને ભૂલતા નહીં. આ જ વાળને ખેંચીને તેમને એક અબળાનું અપમાન કર્યું હતું." ત્યારે શ્રીકૃષ્ણએ જવાબ આપ્યો-"હે દ્રૌપદી! ભલે હિમાલય પર્વત ચાલવા લાગે, પૃથ્વીના સો ટુકડા થઈ જાય અને આકાશ નક્ષત્રો સહિત નીચે પડી જાય, પરંતુ મારું વચન અસત્ય ન હોઈ શકે. હું એ અત્યાચારીઓનો બદલો લઈને જ રહીશ."

સદીઓથી આપણા આ ઉચ્ચ આદર્શોને ભૂલીને દેશની જનતા કમજોર અને આત્મવિસ્મૃત થઈ ચુકી છે. આત્મગૌરવ તો તેમનામાં જરા જેટલું પણ દેખાતું નથી. માત્ર 'બ્લેક માર્કેટ' ના માધ્યમથી પૈસા કમાવવા અને તેને લકઝરીયશ જીવનમાં ખર્ચ કરવો એ જ પોતાનું મુખ્ય ધ્યેય સમજી લીધું છે. આપણો દેશ, આપણી સભ્યતા અને આપણું સાહિત્ય બધાને બીલકુલ તુચ્છ સમજી લીધું છે.

### કાયરતા અને ડરપોકપણું શા માટે?

મુસીબતોમાં પડેલા આપણા લાખો ભાઈઓની દુઃખ-ગાથા સાંભળવાની આવશ્યકતા નથી. જે દેશની જનતા અન્ન,જળ અને માટીથી જીવન પ્રાપ્ત કરી આ દેવસંસ્કૃતિના અનુયાયી વિકસિત થયા છે. એમને અધર્મીઓ દ્વારા પદદલીત કરાવવામાં લેશ માત્ર કસર છોડી નથી. નિરંતર સુખ-નિંદ્રામાં સૂતેલા રહેવાના કારણે એમનામાંથી દેશભક્તિ અને વીરતાના ભાવ જતા રહ્યા છે. દેશની ચિંતાની જગ્યાએ એમને માત્ર પોતાના ધનની જ ચિંતા લાગેલી છે. વિપત્તિકાળમાં પોતાની અન્યાયથી કમાયેલા ધનની સાથે કાયરોની જેમ સંતાકૂકડી રમવાને આદર્શ સમજી બેઠા છે. આ ડરપોકપણાને સર્વપ્રથમ જન્મ દેનારા છે આ મોટા મોટા ફાંદવાળા પૂંજીપતિ જેમને દરેક મુસીબતના સમયે દેશ સાથે ગદ્દારી અને દગાબાજી કરી અને ગીતાના પવિત્ર સિધ્ધાંતને ઠોકર મારીને સમયથી અનુચિત લાભ ઉઠાવ્યો અને દેશને હર સંભવ ઉપાયથી ચુસી-ચુસીને હાડપિંજર કરી નાખ્યો છે.

જ્યારે દેશ પર અધર્મીઓના આક્રમણ થઈ રહ્યા છે ત્યારે પોતે બોરીયા-બિસ્તર બાંધીને ભાગી જવું મનુષ્યતા નથી, પશુતા છે અને કાયરતા છે. પ્રાચીન સમયમાં જ્યારે અમુક ડરપોક ક્ષત્રિય યુદ્ધથી ભાગીને પોતાના ઘરોમાં આવતા તો વીર ક્ષત્રાણિઓ તેમને ધિક્કારતી હતી. "આપ ક્ષત્રિય કુળના કલંક છો. આપે આપણા કુળ પર દાગ લગાવ્યો છે." એ વીર ક્ષત્રાણિઓને પોતાના પતિઓ અને પુત્રોનો મોહ ન હતો જેટલો કે યુદ્ધમાં ક્ષત્રિત્વની શાન રાખવાનો હતો.

### ગીતા : નવજાગૃતિનો સંદેશ

આજકાલ દેશમાં જેટલા કોમી રમખાણો થઈ રહ્યા છે, એમાં વ્યક્તિઓની સ્વાર્થાન્ધતા, દુર્બળતા અને પલાયન વૃત્તિ જ મુખ્ય કારણ છે. આતતાયીઓને એ લાગી રહ્યું છે કે સજ્જન લોકો કાયર અને ડરપોક છે. એટલા માટે તેઓ આક્રમણ કરવાનું સાહસ કરી દે છે. આપણે ભાગ્યા વગર સંગઠિત થઈને એમના દાંત ખાટા કરી દઈએ તો પછી એમનામાં કોમી રમખાણ કરવાની હિંમત નહીં થઈ શકે. ભલાઈ એમાં જ છે કે આપણે એક વાર ગીતાનો અમર ઉપદેશ સાંભળીને વીરતાથી ઉગ્રવાદીઓ, ગુંડાઓનો સામનો કરીએ.

સમાજને જાગૃત કરવા માટે ગીતા એક અમુલ્ય સાધન છે. એના એક એક શબ્દમાં એ ઉત્તેજના, એ નવસ્ફૂર્તિ અને એ અંતઃજ્વાળા ભરેલી છે જે મડદામાં પણ પ્રાણ ફૂંકી દે છે. શ્રીકૃષ્ણ જેવા મહાન ક્રાંતિકારી નેતાના મુખથી નિકળેલ આ શબ્દ સાંભળવા માત્રથી શરીરના અણુ-અણુમાં આગની જ્વાળા પેદા કરી દે છે. આજની વિષમ પરિસ્થિતિમાં આપણું રક્ષણ થઈ શકે છે, જો આ અનુપમ ગ્રંથના તોફાની ઉપદેશોને કાર્યરૂપમાં પરિવર્તિત કરી શકીએ. ☯

**યુગઋષિ પરમ પૂજ્ય પં. શ્રીરામ શર્મા આચાર્ય**
**(વાંગ્મય ભાગ -૨૮ પાના નં -૩.૨૩,૩.૨૫ માંથી)**

**અહિંસામાં એટલી તો પ્રબળ તાકાત છે કે તેની સામે ભીષણમાં ભીષણ હીંસા પણ ટકી શકતી નથી - મહાત્મા ગાંધી**

# યુગઋષિ ઈચ્છે છે કે પ્રગતિશીલ જ્ઞાતી સંગઠન બને અને પ્રભાવશાળી કદમ ઉઠાવે

## સામૂહિક નિર્ણયોથી થઈ શકે છે દુષ્પ્રવૃત્તિ નાબુદી તથા સત્પ્રવૃત્તિ સંવર્ધનના સાર્થક પ્રયાસ

**પાક્ષિકના પાછલા (૭ ડિસેમ્બર)ના અંકમાં યુગદૃષ્ટા, યુગઋષિના એ વિચાર સૂત્રોની તરફ પરિજનોનું ધ્યાન આકર્ષિત કરવામાં આવ્યું હતું, જેના આધારે પ્રગતિશીલ જ્ઞાતી સંગઠનોના માધ્યમથી યુગ પરિવર્તનની દિશામાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપી શકાય છે. એની પૂરક કડીના રૂપમાં આ આલેખ રજુ કરવામાં આવી રહ્યો છે.**

### હંસ વૃત્તિ જોઈએ

શ્રી રામચરિત માનસમાં ગોસ્વામી તુલસીદાસજીએ સ્પષ્ટ લખ્યું છે કે સર્જનકર્તાએ આ સંસારને જડ-ચેતન તથા ગુણ-દોષોના સંયોગથી બનાવ્યો છે. સમજદાર મનુષ્યોને હંસ વૃત્તિનો પરિચય આપતાં,વિવેકપૂર્વક દોષોને અલગ રાખતાં ગુણોનો ઉપયોગ કરવો જોઈએ, જડ નિયમો-રિવાજોમાંથી જરૂર સૂત્રોનું વરણ કરવું જોઈએ.

**જડ-ચેતન, ગુણ-દોષમય, વિશ્વ કીન્હ કરતાર**
**હંસ વંશ ગુણ ગહહિ પય, પરિહરિ વારિ વિકાર**

સામાજિક સંગઠનોની સાથે જોડાયેલ વિચારશીલ, પ્રતિભાશાળી, સંપન્નોએ પણ આ જ હંસ વૃત્તિનો પરિચય આપતાં વિવેકપૂર્ણ કદમ ઉઠાવવા જોઈએ. સેંકડો વર્ષના અંધકાર યુગના પ્રભાવથી સામાજિક ગતિવિધિઓમાં જે વિકાર-દોષ ભરાઈ ગયા છે, તેને કુશળતાની સાથે ઉખાડી નાખવા જોઈએ કે જાતિગત આત્મગૌરવને ઠેસ પણ ન પહોંચે અને ધનેરાની જેમ પોતાના જ શરીરને જર્જર બનાવનારા અયોગ્ય રિવાજોથી મુક્તિ મળી જાય.

વિવેક બુદ્ધિના અભાવમાં લોકો દોષોને પણ મોહવશ પોતાની સાથે અપનાવી રાખે છે. આ જ મનોવૃત્તિ પર વ્યંગ કરતાં સ્વામી વિવેકાનંદજીએ એક વખત કહ્યું હતું:-

‘‘સમાજમાં એવા મૂર્ખોની કમી નથી, જે પોતાના પૂર્વજો દ્વારા ખોદવામાં આવેલ ખારા કુવાનું પાની જ પીતા રહે છે, સમયની સાથે આવેલ શુદ્ધ જળના ઝરણાંની ઉપેક્ષા કરતા રહે છે.’’

યુગઋષિએ આ જ સંદર્ભમાં એક ખૂબ મહત્ત્વપૂર્ણ સૂત્ર આપ્યું છે-‘‘જે અમારા, તે જ સારાના દુરાગ્રહને છોડી, જે સારા, તે જ અમારાની સમજદારીનો પરિચય આપવો જોઈએ.’’

યુગઋષિએ આવી જ હંસવૃત્તિ જન-જનમાં જાગૃત કરવાના ઉદ્દેશ્યથી જ સદ્બુદ્ધિ જગાડનારા ગાયત્રી મહામંત્રને જનસુલભ બનાવ્યો. યુગઋષિ તથા ગાયત્રી સાધના સાથે જોડાયેલ પ્રાણવાન પરિજનોને પોત-પોતાના પ્રભાવ ક્ષેત્રના સંગઠનોમાં દુષ્પ્રવૃત્તિ નાબુદી તથા સત્પ્રવૃત્તિ જાગરણ માટે સામૂહિક નિર્ણય લેવા અને તેને સાહસપૂર્વક લાગૂ કરવાના પ્રયાસ કરવા જ જોઈએ. આવા પ્રયાસોને યુગઋષિના શ્રીચરણોમાં એક સાર્થક, પુનીત શ્રદ્ધાંજલિ અર્પણ કરવી જ કહેવામાં આવશે.

આવું કરવું ઘણું કઠીન નથી. સમયના પ્રભાવથી હવે વ્યસનો તથા કુરિવાજોનું ઘાતક સ્વરૂપ લોકોની સામે સ્પષ્ટ થવા લાગ્યું છે. ઘણાખરા લોકો એનાથી છુટકારો પણ ઈચ્છે છે. પરંતુ ધનવાનોનો ખોટો અહંકાર તથા ઘણાખરા વ્યક્તિઓનો ખોટો સંકોચ જ આ માર્ગમાં સૌથી મોટું વિઘ્ન સાબિત થઈ રહ્યું છે. થોડાક વિવેકવાન તથા સત્સાહસના ધની વ્યક્તિ જો કમર કસીને આગળ આવી જાય તો વિકૃત રિવાજોને ફરીથી સત્પરંપરા તરફ વાળી જાય છે. આવું કરનારા વ્યક્તિ, પરિવાર, સમાજ-રાષ્ટ્ર તથા મનુષ્યતાની વચ્ચે સાચા હિત સાધક હોવાનો યશ-ગૌરવ મેળવી શકશે. યુગઋષિ તથા આ દિવ્ય મિશન સાથે જોડાયેલ પ્રાણવાનોને આ દિશામાં અગ્રદૂતોની ભૂમિકા નિભાવવા માટે અગ્રેસર થવું જ જોઈએ.




### વિવેકપૂર્વક ક્રમશઃ ચરણ વધારે

પ્રગતિશીલ જ્ઞાતી સંગઠનોના માધ્યમથી અનેક સર્જનાત્મક ગતિવિધિઓને ચલાવી શકાય છે. સાધના, શિક્ષણ, સ્વાસ્થ્ય, સ્વાવલંબન, પર્યાવરણ તથા નારી જાગરણ જેવા આંદોલનોને પોત-પોતાના ક્ષેત્રમાં, પોત-પોતાના ઢંગથી નાના-મોટા રૂપમાં સુંદર રીતે સક્રિય કરી શકાય છે. એના માટે સમય, શક્તિ, સાધન વગેરે અલગથી નથી લાવવાના. જો સમાજમાં વ્યાપેલ કુરિવાજો, અનગઢ ફેશન-વ્યસન વગેરેથી તેને બચાવી શકાય તો રચનાત્મક આંદોલનોની પૂર્તિ તો એ બચતના અડધા અંશથી જ થઈ શકે છે. એટલા માટે દુષ્પ્રવૃત્તિ નાબુદીથી બચેલ સાધનોથી જ સત્પ્રવૃત્તિ સંવર્ધનના લોક કલ્યાણકારી કાર્યક્રમોને સરળ રીતે ચલાવી શકાય છે.

પ્રયાસ વિવેકપૂર્ણ તથા યોજનાપૂર્વક આગળ વધારવામાં આવે. પહેલાં અમુક ભાવનાશીલ, વિચારશીલ, પ્રતિભાશાળી વ્યક્તિ પરસ્પર ચર્ચા કરી પહેલા ચરણમાં એ કાર્યક્રમોને પસંદ કરે, જે બીજાની અપેક્ષા સફળતા સુધી પહોંચાડી શકાય. પરસ્પર એકમત થવાથી સમાજના પ્રગતિશીલ વિચારવાળા પ્રૌઢ લોકો અને યુવાનોને સહમત કરે. એના માટે વ્યક્તિગત તથા પરિવાર સ્તર પર સંકલ્પ પણ કરાવી શકાય છે.

જ્યારે સામૂહિક ચિંતનની લહેર ચાલી પડે, તો પ્રગતિશીલ સંમેલન બોલાવી શકાય છે. સંમેલનના વિચારણીય બિંદુ (એજંડા) પહેલાથી નક્કી કરી લેવામાં આવે. પ્રસ્તાવિત બિંદુઓનું મહત્ત્વ સમજવા-સમજાવવા માટે યુગ સાહિત્ય તથા એના આધાર પર તૈયાર પ્રચાર પત્રકોનો ઉપયોગ કરવો જોઈએ. સંમેલનમાં વિષયોની રજુઆત માટે કુશળ વક્તાઓને પસંદ કરવામાં આવે.

વિષયની રજુઆતની સાથે જ પહેલાથી સહમત વ્યક્તિના સંકલ્પોની ઘોષણાઓ કરવામાં આવે. તેમની પ્રશંસા કરવામાં આવે. એનાથી સકારાત્મક વાતાવરણ બની જાય છે. નહીંતર થોડા વિઘ્નસંતોષી વાતાવરણને અસ્ત-વ્યસ્ત કરવા લાગે છે. સીમિત બિંદુઓ પર યોજના પૂર્વક કાર્યયોજના બનાવવાથી ઉદ્દેશ્યસિદ્ધિની દિશામાં સરળતાથી આગળ વધી શકાય છે. આ પ્રકારે પહેલા ચરણમાં નાનકડી સાર્થક શરૂઆત કરી, પછી ક્રમશઃ કઠીન માનવામાં આવનાર કાર્યોને પણ હાથ લઈ શકાય છે. ઉજ્જવળ ભવિષ્યની દિશામાં વધવા માટે તો વિકારોને છોડવા તથા સંસ્કારોને અપનાવવા યોગ્ય વિવેક અને સાહસ તો જગાડવો જ પડશે.

### થોડાક સરળ પ્રસ્તાવ

- બાળકોના જન્મ, જન્મદિન, વિવાહદિન, પિતરો-પૂર્વજોની સ્મૃતિમાં વૃક્ષારોપણ કરવા-કરાવવાની પરિપાટી આરંભ કરી શકાય છે.
- બાળકોના મુંડન, વિદ્યારંભની સાથે સમર્થ પરિવાર કોઈના બાળકોના શિક્ષણ માટે ખોળે લેવાનો સંકલ્પ કરે.
- આર્થિક દૃષ્ટિથી સંપન્ન વ્યક્તિ ઘણાખરા પોતાના પૈતૃક ગામોમાં મોટો બંગલો બનાવી દે છે, જેની કોઈ વિશેષ ઉપયોગિતા હોતી નથી.એ ધનને ક્ષેત્રમાં વ્યાયામશાળાઓ, શિક્ષણ તથા સ્વાવલંબન કેન્દ્રોમાં લગાવી શકાય છે.
- સમર્થ સામાજિક સંગઠન કોઈ ગામને આદર્શ ગામના રૂપમાં વિકસિત કરવા અથવા કોઈ ક્ષેત્રમાં મોટા પ્રમાણમાં વૃક્ષારોપણ કરવાની જવાબદારી લઈ શકે છે.
- સમાજમાં સામૂહિક આદર્શ વિવાહોની સાથે સાથે સામૂહિક યજ્ઞોપવિત તથા અન્ય સંસ્કારોની પરંપરાઓ સહજ જ આરંભ કરી શકાય છે.
- યુવકો તથા યુવતીઓને દહેજ, ચઢાવો, દેખાવો મુક્ત આદર્શ વિવાહ માટે તથા સાથીની પસંદગી માટે વિવેક સંમત ઢંગ અપનાવવા માટે સંકલ્પિત કરાવી શકાય છે.

વિવાહોમાં કુંડલીના નામ પર, ઉપજ્ઞાતિ-ઓના નામ પર ઉપયુક્ત જોડાઓની પસંદગીમાં ભારે રોડા લગાવવામાં આવે છે. એને નાબુદ કરવો જ ઉચિત છે. આ પ્રકારે વિવાહોમાં મુહૂર્તવાદ પણ ઓછો પરેશાની પેદા નથી કરતો. યુગઋષિએ આ ભ્રાંતિઓને દૂર કરવા માટે કઠોર શબ્દોનો પ્રયોગ કર્યો છે. જુઓ:-

‘‘સુયોગ્ય છોકરી-છોકરાના વિવાહમાં જન્મ કુંડલીવાદથી કેટલી અડચણો ઉભી થાય છે, એને ભુક્તભોગી જ જાણે છે. કોઈ સારી કન્યાને ‘મંગલી’ ઠરાવી તેના માટે સુયોગ્ય મળવાનો દ્વાર બંધ કરી દેવો કેટલો ક્રુર અને નિર્દયી છે, એની પર વિચાર કરવામાં આવે તો ઈચ્છા થાય છે કે આ કરોળિયાના જાળાને જડમૂળથી તોડી-મરોડીને ફેંકી દેવામાં આવે.’’

ભારતીય પરંપરામાં પ્રાચીન કાળમાં વર-કન્યાની પસંદગીમાં ક્યાં પણ કુંડલીને મિલાવવાનું મહત્ત્વ આપવામાં આવતું ન હતું. વિવાહ ઉંમરલાયક થયા પછી એના પ્રત્યક્ષ ગુણ-સ્વભાવના આધારે પસંદ અથવા વરણની વ્યવસ્થા હતી. સીતા સ્વયંવર, દ્રૌપદી સ્વયંવરમાં વરની કુંડલી નહીં, પ્રતિભાને મહત્ત્વ આપવામાં આવી હતી. રુક્મિણી, સાવિત્રી, કુંતી, માદ્રી વગેરેના વિવાહ એમની રુચિ તથા વરના ગુણોના આધાર પર નક્કી કરવામાં આવ્યા હતા. આ જ પરંપરા દીર્ઘકાળ સુધી ચાલતી રહી.

ભારતીય જ્યોતિર્વિજ્ઞાન અનુસાર પણ વયસ્ક વર-કન્યાના પ્રત્યક્ષ ગુણોના આધાર પર સંબંધ કરવાની વાત કહેવામાં આવી છે. કુંડલીની વાતો કદાચ બાળ વિવાહની લાચારીની દેણ છે.

મુહૂર્તવાદ પણ વિવાહોમાં ખૂબ મોટું વિઘ્ન છે. એ જ ક્રમમાં અનુકૂળ સમય નિકળી જાય છે તથા સારગના નામ પર વધારાની પરેશાનીઓ તથા ખર્ચા ઉઠાવવા પર મજબૂર થવું પડે છે. યુગઋષિ આ સંદર્ભમાં લખે છે:-

‘‘દરેક વાતમાં મુહૂર્ત કાઢવાથી કેટલા બધા આવશ્યક કાર્ય સરળતાથી નષ્ટ થઈ જાય છે. સોમનાથ મંદિરના રક્ષણ માટે લડવાનું મુહૂર્ત જ પંડિતોએ ન કાઢ્યું અને આક્રમણકારીઓનું આક્રમણ સહજ જ સફળ થઈ ગયું.’’

**વિવાહોના મુહૂર્તના વિષયમાં તેઓ લખે છે:-**

‘‘પર્વો-તહેવારોના દિવસે એના માટે ઉપયુક્ત મુહૂર્ત હોઈ શકે છે. ઋતુની અનુકૂળતા, રજાઓ, સુવિધા વગેરેનું ધ્યાન રાખીને કોઈ દિવસ નક્કી કરી લેવો જોઈએ. **શુભ કાર્યો માટે દરેક દિવસ શુભ છે.** આ વાસ્તવિકતાને આપણે મહત્ત્વ આપવું જોઈએ અને ચોઘડીયું-મુહૂર્તના ઝંઝારમાં વિવાહોની શોભા તથા ઉપયોગિતા નષ્ટ ન કરવી જોઈએ.’’

**શ્રાદ્ધ તથા મૃતક ભોજના** સંબંધમાં એમના વિચાર આ પ્રકારે છે:-

‘‘પ્રાચીન કાળમાં મૃતક શ્રાદ્ધનો આધાર એ હતો કે પૂર્વજોની છોડેલી સંપત્તીને એમના આત્માના કલ્યાર્થે કોઈ શુભ કાર્યમાં લગાવી દેવામાં આવે, જેથી એમની આત્માને શાંતિ તથા સદ્ગતિ મળે. સમર્થ સ્વાવલંબી સંતાન માટે એ શરમની વાત હતી કે તે માતા-પિતાની કમાણીની ઈચ્છા કરે... જેમના બધા બાળકો અસહાય-અસમર્થ હતા, તેઓ જ પૂર્વજોની કમાણી સ્વીકાર કરતા હતા નહીંતર કમાઉ બાળકો તેને અડતા પણ ન હતા અને એમના મર્યા પછી એમની શાંતિ-સદ્ગતિ માટે દાન કરી દેતા હતા. એનું જ વિકૃત અને કૂહડ સ્વરૂપ આજની મૃતક ભોજ પ્રથા છે. એ કુપ્રથાએ કેટલાયે ગરીબો, મધ્યમ શ્રેણીના લોકોને દર-દરના ભીખારી બનાવી દીધા.

આપણે મૃતક ભોજ બંધ કરવા જોઈએ. એમાં સામેલ ન થવા માટે જન-સાધારણમાં વિવેક પેદા કરવો જોઈએ. હાઁ એ પ્રથા અવશ્ય કરવામાં આવે કે પૂર્વજોની કમાણીને એમના સદ્ગતિ માટે મહત્ત્વપૂર્ણ પ્રયોજનોમાં દાન કરી દે.’’

આ પ્રકાર જો પ્રગતિશીલ જ્ઞાતી સંગઠનોના માધ્યમથી કુરિવાજોમાં લાગનારો સમય, શક્તિ-સાધનોને બચાવીને, રચનાત્મક કાર્યોમાં એનો એક અંશ પણ લગાવવામાં આવે તો ઉજ્જવળ ભવિષ્યની અનેકાનેક સંભાવનાઓને સહજ સાકાર કરી શકાય છે.

યુગઋષિએ કુરિવાજો, અવાંછનીયતાઓને દૂર કરવા માટે પ્રચાર-આગ્રહથી લઈને સંઘર્ષ સુધીની અપીલ કરી છે. જેમ કે:-

‘‘જ્યારે અવાંછનીયતાઓ પ્રત્યે આવશ્યક ઘૃણા તથા રોષ ઉત્પન્ન કરી દેવામાં આવે, તો એની વિરુદ્ધ આંદોલન ઉભુ કરી શકાય છે.જન સાધારણને પ્રચાર અભિયાન દ્વારા પ્રકાશનો લાભ અને અંધકારના નુકશાનને ઉંડાણથી અનુભવ કરાવવામાં આવે, તો નિશ્ચિત જ દુષ્પ્રવૃત્તિઓની વિરુદ્ધ વિદ્રોહ ભડકી શકે છે.

આગામી દિવસોમાં આવો સંઘર્ષ વ્યાપક રૂપથી ઉભો કરી દેવો જોઈએ. એના માટે ભર્ત્સના અભિયાન ચાલશે. દુષ્ટતાને રોકવા માટે, હટાવવા-મિટાવવા માટે વિરોધ, અસહયોગ, ધરના, ઘેરાવો તે તમામ હથિયાર કામમાં લાવવામાં આવશે, જે સ્વતંત્રતા આંદોલનના દિવસોમાં અંગ્રેજ સરકારની વિરુદ્ધ અપનાવવામાં આવ્યા હતા. આ મહાભારતને વ્યાપક સાંસ્કૃતિક ક્રાંતિ પણ કહી શકાય છે, ભલે તે ચીનની સાંસ્કૃતિક ક્રાંતિની જેમ ઉદ્ધત-ઉચ્છૃંખલ ન હોય. એની પાછળ શાલીનતાને સુરક્ષિત બનાવી રાખવામાં આવશે. પરંતુ વિદ્રોહ જ થશે. મનુષ્યતાને કલંકિત કરનારી દરેક દુષ્પ્રવૃત્તિને અસ્વીકૃત જ નહીં કરવામાં આવે, પરંતુ એને પૂરા પ્રાણપણની સાથે નાબુદ કરવામાં આવશે, જેથી એને ફરીથી માથુ ઉઠાવવાની સંભાવના જ બાકી ન રહે.’’

**ધર્મશીલ તે છે જે બુદ્ધિમાન, દૂરદર્શી, વિવેકશીલ અને સુરુચિસંપન્ન છે.**

# જન્મશતાબ્દી ના જ્ઞાનયજ્ઞમાં પરિજનોની સમર્પિત આહુતિઓ

## અંબાજી ગાયત્રી તીર્થ ખાતે વિરાટ પુસ્તક મેળાનું ભવ્ય આયોજન

**અંબાજી (બનાસકાંઠા)**

વિશ્વ વિખ્યાત અંબાજીમાં ગાયત્રીતીર્થના તૃતિય પાટોત્સવ તથા યુગઋષિ પં. શ્રીરામ શર્મા આચાર્યની જન્મશતાબ્દી નિમિત્તે તા- ૧૩ નવેમ્બર થી ૨૧ નવેમ્બરના દિવસોમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું. આ ઉપલક્ષમાં શોભાયાત્રા, સાત દિવસીય પુસ્તકમેળો, આંખ, કાન, નાક અને ગળાના રોગો માટે નિઃશુલ્ક નિદાન કેમ્પ, નવનિર્મિત સાહિત્ય ભવનનું ઉદ્દ્ઘાટન, પ્રતિષ્ઠિત પ્રતિમાઓની વિશેષ પૂજા-અર્ચના અને નૌ કુંડી યજ્ઞનું આયોજન સાનંદ સંપન્ન કરવામાં આવ્યું.

વિરાટ પુસ્તક મેળાનો મંગલ પ્રારંભ તા- ૧૩ નવેમ્બરના રોજ નીકળેલ ભવ્ય શોભાયાત્રાથી થયો. આ શોભાયાત્રામાં મશાલ, વાંગ્મય ભરેલા કાવડ, જવેરા અને શ્રીફળ સાથેના કળશ અને સાહિત્યની પોથી સાથેની બહેનો અને દૂર દૂરથી આવેલા ગાયત્રી પરિવારના પરિજનો વિવિધ ઝાંખીઓ સાથે શોભાયાત્રામાં જોડાયા અને અંબાજી પ્રદક્ષિણા કરી.

તા- ૧૪ નવેમ્બરના રોજ 'યુગ નિર્માણ યોજના, મથુરા'ના વ્યવસ્થાપક આ.શ્રી. દ્વારકાપ્રસાદ ચૈતન્યજી તથા શ્રી ઘનશ્યામભાઈ પટેલના વરદ્ હસ્તે ગાયત્રી તીર્થ તૈયાર કરેલ 'યુગઋષિ સાહિત્ય કેન્દ્ર'નું ઉદ્દ્ઘાટન થયું જ્યારે સાહિત્ય ભવનના દાતા શ્રી ગાંડાલાલભાઈ પટેલે તેનું લોકાર્પણ કર્યુ હતું. મે. ટ્રસ્ટી શ્રીમતી ડાહીબેન પટેલના પિતાશ્રી કરશનભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને યોજાયેલા ઉદ્દ્ઘાટન સમારંભમાં સાહિત્ય મેળાના ઉદ્દ્ઘાટક ધારાસભ્યશ્રી મફતભાઈ પટેલ, નિઃશુલ્ક નિદાન કેમ્પના ઉદ્દ્ઘાટક ડૉ. શ્રી મહેન્દ્રભાઈ પટેલ- બાયડ તથા આ. ચૈતન્યજીએ મંગલ દીપ પ્રગટાવી તથા પુસ્તકોનું વિમોચન કરી સાહિત્ય મેળાને તથા નિદાન કેમ્પ ખુલ્લો મૂક્યો. આ પ્રસંગે



ઝોન કન્વીનર શ્રી રાજુભાઈ દવે, જ્ઞાનપીઠ વ્યવસ્થાપક ડૉ. રાજેન્દ્ર પ્રસાદજી ઉપસ્થિત રહ્યા હતા. મંચ સ્થાનેથી પ્રાસંગિક પ્રવચનમાં સાહિત્ય મેળાના તમામ પુસ્તકોને અડધી કિંમતે આપવા માટેના દાતા શ્રી રાજુભાઈ તથા શ્રીમતી શોભનાબેન મુખીને આ ઉમદા પ્રવૃત્તિ બદલ ધન્યવાદ પાઠવી ગાયત્રી પરિવાર, અંબાજીમાં આ મેળો યોજી યુગઋષિના સાહિત્યને જન-જન સુધી પહોંચાડી વાંચન દ્વારા તેમના ચિંતન અને ચરિત્રને બદલી રાષ્ટ્ર ઉત્થાનમાં યોગદાન આપવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

આ પ્રસંગે ઉપસ્થિત રહેલા ટ્રસ્ટીશ્રી શંકરભાઈના પુત્ર ઉત્તમભાઈ પટેલ, ટ્રસ્ટીશ્રી રમેશભાઈ, શ્રી કરસનભાઈ તથા શ્રી મફતભાઈ પુરોહિતે ગાયત્રી તીર્થ, અંબાજીમાંથી કાયમ માટે અડધી કિંમતે સદ્ સાહિત્ય મળતું રહે તે માટે માતબર રકમ યોગદાનની જાહેરાત કરી હતી. શ્રીમતી જ્યોત્સના બેન સોમાભાઈ પટેલ મશાલ માટે દાન જાહેર કરી હતી. આ પ્રસંગે ધ્યાન કુટીર માટે યોગદાન આપનાર વિસનગરના શ્રીમતી હસુબેન હાજર રહ્યા હતા.

ગાયત્રી તીર્થ, અંબાજી તરફથી 'બૂકે નહી, બૂક આપો, પૂષ્પ નહીં, પુસ્તક આપો'ના સૂત્ર અનુસાર તીલક, ઉપવસ્ત્ર અને પુસ્તકો આપી સ્વાગત કરવામાં આવ્યું હતું.

બીજા દિવસે અંબાજી કોટેશ્વર આશ્રમના મહંત આ.શ્રી ડૉ. વિશ્વંભરદાસજી (પી.એચ.ડી)એ પુસ્તક મેળાની મુલાકાત લઈ યુગઋષિની યોજનાને બિરદાવી આશીર્વાદ પાઠવ્યા હતા. સાત દિવસ ચાલેલા આ પુસ્તક મેળાના સંચાલનની વ્યવસ્થા શ્રી રાજુભાઈ અને કલોલના પરિજનોએ સંભાળી હતી. અત્રે લાયન્સ કલબના સહયોગથી યોજાયેલ આંખ, કાન, નાક અને ગળાના નિદાન કેમ્પમાં ૩૫૦થી વધારે દરદીઓએ ભાગ લીધો હતો. ૧૨ વ્યક્તિઓના વિના મૂલ્યે આંખના ઓપરેશન કરાવ્યા અને ૧૭૫ વ્યક્તિઓને નંબરના ચશ્માનું મફત વિતરણ કર્યુ. ડીસા, પાલનપુર, આબુરોડ અને અમદાવાદના ચિકિત્સકોએ સેવા આપી હતી. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે ગાયત્રી પરિવાર અંબાજી તથા બહારથી આવેલ કાર્યકર્ત્તાઓએ સખત જહેમત ઉઠાવી હતી. સાહિત્ય મેળામાં ૭ લાખથી વધારે સાહિત્યનું વેચાણ થયું હતું. પૂર્ણિમાના દિવસે મહાપૂજા અને ૯ કુંડી યજ્ઞ સાથે પાટોત્સવ કાર્યક્રમનું સમાપન થયું.

## અમદાવાદ વિરાટ પુસ્તકમેળાની ભવ્ય તૈયારીઓ

### અમદાવાદમાં યોજાનાર વિરાટ પુસ્તક મેળાનું ભૂમિ પૂજન



**ગાયત્રી શક્તિપીઠ-શાહીબાગ અમદાવાદ (ગુજરાત)**

તા- ૨૪-૧૨-૨૦૧૦ થી તા- ૨-૧-૨૦૧૦ અમદાવાદમાં યોજાનાર વિરાટ પુસ્તક મેળા નિમિત્તે અમદાવાદનાં તમામ પરિજનો તથા શાખા, પ્રશાખા, પ્રજ્ઞાપીઠ, શક્તિપીઠ દ્વારા 'કળશ સ્થાપન' કરવામાં આવ્યું હતું.

કળશ સ્થાપન અને ભૂમિ પૂજનના આ કાર્યક્રમમાં ગુજરાત ઝોનલના શ્રી રાજુભાઈ દવે તથા મથુરા જ્ઞાનપીઠના આદરણીય ડૉ. શ્રી રાજેન્દ્ર પસાદજી ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમની તૈયારી હેતું નીચે જણાવેલ દરેક શાખાઓમાં કળશ સ્થાપના કરવામાં આવેલ છે.

ગાયત્રી શક્તિપીઠ, શાહીબાગ, ગાયત્રી મંદિર- રાણીપ, માતા ભગવતી મહિલા મંડળ- રાણીપ, ઈન્ડીયા કોલોની- ગાયત્રી પરિવાર, ગાયત્રી પરિવાર મહિલા શાખા- શાહિબાગ, ગાયત્રી પરિવાર- હાંમોલ, અસારવા ગાયત્રી પરિવાર, ગાયત્રી મહિલા મંડળ- સેટેલાઈટ, ગાયત્રી પ્રજ્ઞાપીઠ-ગોમતીપુર મેઘાણીનગર ઉત્તર ગાયત્રી પરિવાર, મેઘાણીનગર ભાર્ગવ- વિસ્તાર, ઘાટલોડિયા ગાયત્રી પરિવાર, ગાયત્રી મંદિર- સિંગરવા, ગાયત્રી શક્તિપીઠ-ક્રાંતિકુંજ, ગાયત્રી પરિવાર સત્તાધાર ચાર રસ્તા, ગાયત્રી પ્રજ્ઞાપીઠ-ખોખરા, ગાયત્રી પરિવાર- નવા વાડજ, ગાયત્રી પરિવાર ચાંદલોડિયા, ગાયત્રી પરિવાર



મેમનગર શાખા, ગાયત્રી પરિવાર શાસ્ત્રિનગર, ગાયત્રી જ્ઞાન મંદિર ઓઢવ, ગાયત્રી પરિવા-નરોડા, ગાતય્રી પરિવાર-વેજલપુર, ગાયત્રી પરિવાર- શ્રેયસ ટેકરા, ગાયત્રી પરિવાર હાથીજણ, ગાયત્રી પ્રજ્ઞા મંદિર- બાપુનગર, ગાયત્રી પરિવાર- ઇસનપુર, ગાયત્રી પરિવાર- ઘોડાસર, ગાયત્રી પરિવાર જનતા નગર- રામોલ, ગાયત્રી મંદિર- બાપુનગર, ગાયત્રી પરિવાર ચાંદખેડામાં દરેક શાખાઓના પરિજનોએ સહકાર આપ્યો હતો.

### આ વિરાટ પુસ્તક મેળામાં આદરણીય ડૉ. સાહેબ તથા માનનીય મુખ્યમંત્રીજીનું આગમન

### તા-૨૬ ડિસેમ્બર-૨૦૧૦ના રોજનો ક્ષણ-પ્રતિક્ષણ કાર્યક્રમ

- ૩:૩૦ થી ૩:૩૫ વાગે ડૉ. સાહેબનું આગમન (ગુરૂ પૂજન-સ્વાગત)
- ૩:૩૫ થી ૩:૪૫ યુગ સંગીત (જન્મશતાબ્દી વર્ષ આ ગયા હમ સબકે ગુરૂદેવ કા )
- ૩:૪૫ થી ૪:૩૦ શ્રદ્ધેય ડૉ. સાહેબનું આખા રાજ્યમાંથી પધારેલ કાર્યકર્તાઓને વિશેષ ઉદ્દ્બોધન
- ૪:૩૦ વાગે માનનીય મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીનું કાર્યક્રમ સ્થળ પર આગમન
- ૪:૩૦ થી ૪:૫૦ આદરણીય ડૉ. સાહેબ તથા માનનીય મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીનું પુસ્તક મેળાનું નિરીક્ષણ-સ્થાનીય પ્રતિનિધિઓ દ્વારા આગેવાની
- ૪:૫૦ થી ૫:૦૦ આદરણીય ડૉ. સાહેબ તથા માનનીય મુખ્યમંત્રીજીનું મંચ પર આગમન-સ્વાગત- દીપ પ્રજ્વલન
- ૫:૦૦ થી ૫:૧૦ યુગગાયકો દ્વારા યુગ સંગીત (કસ કર કમર ખડે હો જાઓ)
- ૫:૧૫ થી ૫:૪૫ શ્રદ્ધેય ડૉ. સાહેબનું વિશેષ ઉદ્દ્બોધન
- ૫:૪૫ થી ૬:૧૫ માનનીય મુખ્યમંત્રીજીનું ઉદ્દ્બોધન
- ૬:૧૫ થી ૬:૨૦ આદરણીય ડૉ. સાહેબ તથા માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીજી દ્વારા ગુજરાત ગાયત્રી પરિવારની વેબસાઈટનું વિમોચન તથા મિશનના કાર્યમાં વિશેષ પ્રશંસનીય કાર્ય કરનારા અમદાવાદના કાર્યકર્ત્તાઓનું સન્માન.
- ૬:૨૦ થી ૬:૩૦ આભાર વિધિ તથા શાંતિપાઠ.
- ૬:૩૦ થી ૮:૧૫ ભોજન, વિશ્રામ તથા વિશેષ લોકોની મુલાકાત (નિવાસ સ્થાન પર)
- ૮:૧૫ એરપોર્ટ જવા રવાના.

## દીપયજ્ઞનું ભવ્ય આયોજન

**ભાયલી(વડોદરા)**

વડોદરા નજીક આવેલા ૧૨૦૦૦ની વસ્તી ધરાવતા ભાયલી ગામમાં તા-૧૪ નવેમ્બર, રવિવારના દિવસે સમગ્ર ગામમાં પરમ પૂજ્ય ગુરૂદેવની જન્મ શતાબ્દિ સંદેશ આપવા સમગ્ર ભાયલી ગામના કુલ ૧૯ મહોલ્લામાં એક જ દિવસે, એક સાથે ૧૦૮ દીપકોના દીપયજ્ઞ રાખવામાં આવ્યા હતા. ઝુંપડપટ્ટી, હરિજન વાસ, દરેક સમાજના મહોલ્લાઓ દીપકોની રોશનીથી ઝગમગી ઉઠ્યા હતા. આ દીપયજ્ઞોનું સંચાલન દેવ કન્યાઓ દ્વારા કરવામાં આવ્યું હતું. આ દિવસે સમગ્ર ગ્રામમાં દિવાલ લેખન કરવામાં આવી હતી. કુલ ૫૮૮ ઘરોમાં દેવ સ્થાપન કરવામાં આવ્યું હતું. ગામના દરેક ઘરે પહોંચીને સ્ટીકર લગાવવામાં આવ્યા તેમજ ગાયત્રી ચાલીસા અને મંત્ર લેખન પુસ્તિકાનું વિતરણ કરવામાં આવ્યું.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે જાગૃતિબેન, મીનાક્ષીબેન, નીશાબેન, મંજુલાબેન તેમજ અન્ય પરિજન ભાઈ-બહેનોએ ભારે જહેમત ઉઠાવી હતી

## જળ પ્રબંધન રાષ્ટ્રીય કાર્યશાળા..

(પાના નંબર-૯ નું ચાલુ)

**માખી સૌથી મોટી દુશ્મન**

ડૉ.વિનોદ કુમાર મિશ્રાએ જણાવ્યું કે ખુલ્લા વિસર્જિત કરવામાં આવેલ મળ અને ગામની ગંદકી માખીઓના માધ્યમથી આપણા જ મોઢામાં આવે છે અને અનેક પ્રકારની બિમારીઓ પોતાની સાથે લાવે છે. પહેલાં તે ગંદકી પર બેસે છે અને એનાથી બીમારીઓ સાથે લઈને દુકાનની મીઠાઈ અને ખાદ્ય પદાર્થો પર અને સીધા ભોજનની થાળીમાં તેને છોડીને ચાલી જાય છે. આથી બિમારીથી બચવું છે તો માખી-મચ્છરોને દૂર રાખો.

**મહત્ત્વપૂર્ણ જાણકારીઓ**

આ કાર્યશાળામાં તાલીમાર્થીઓ તથા ગ્રામીણોને વગર ખર્ચે સ્થાયી શૌચાલય બનાવવાની વિધિ બતાવવામાં આવી. હાઈડ્રોઝન સલ્ફાઈડથી પોતાના પાણીના પ્રદૂષણને ઓળખવાની વિધિ બતાવી અને એ પ્રદૂષણને દૂર કરવા માટે કલોરીનેશન વિધિ સમજાવી. પ્રશિક્ષકોએ ગંદકીથી બચવા અનેક ઉપાય બતાવ્યા.

શિબિરનો શુભારંભ શાંતિકુંજ વ્યવસ્થાપક આદ.શ્રી ગૌરીશંકર શર્માજી તથા એકડેમી કોર્સ નિર્દેશક ડૉ.વિનોદ કુમાર મિશ્રા, એમના સહાયક ડૉ.અનિલ કુમાર મિશ્રા દ્વારા દીપ પ્રજ્જવલ સાથે થયું. આદ.શ્રી ગૌરીશંકર શર્માજીએ બિમારીઓથી બચાવને જ સૌથી મોટી સમજદારી બતાવી. તેમણે એના માટે ગામોમાં જાગરૂકતા અને પરસ્પર સહયોગનું વાતાવરણ બનાવવાનું આવાહન કર્યુ. શિબિરના સમાપન સત્રમાં મહિલા મંડળની પ્રમુખ શ્રીમતી યશોદા શર્માએ તાલીમાર્થીઓને અકાદમી તરફથી પ્રમાણપત્ર પ્રદાન કર્યા. અંતમાં સૌ કાર્યકર્ત્તાઓ પરિજનોએ પ્રખર પ્રજ્ઞા અને સજલ શ્રદ્ધા પાસે સામૂહિક ફોટોગ્રાફ ખેંચાવીને વિદાય થયા હતા.

**અજ્ઞાન જીવનનો સૌથી મોટો અભિશાપ છે.**

# જન્મ શતાબ્દી જ્ઞાનયજ્ઞમાં સમર્પિત આહુતિઓ

## કાશીના માધ્યમિક વિદ્યાલયોમાં થઈ રહ્યાં છે પુસ્તક મેળાના આયોજનો

**વારાણસી (ઉત્તર પ્રદેશ)**

ઓક્ટોમ્બર મહિનામાં વારાણસી શાખાએ ત્રણ શિક્ષણ સંસ્થાઓમાં ત્રણ-ત્રણ દિવસીના પુસ્તક મેળાનું આયોજન કર્યુ હતું. ગાયત્રી



વારાણસી : પોતાની રુચિનું સાહિત્ય શોધી રહેલ વિદ્યાર્થીઓ

પરિવારના કાર્યકર્તાઓએ પોતાની મહેનતથી વિદ્યાર્થીઓના જીવનમાં સુવિચારોની સુંગધ ભરવાના પ્રશંસાપૂર્ણ પ્રયાસો કર્યા. તેમના પ્રયાસોને મહાનુભાવોએ ટેકો આપ્યો, જેમને યુગઋષિના સાહિત્ય પ્રત્યે ઉંડી શ્રદ્ધા વ્યક્ત કરતાં વિદ્યાર્થીઓને પણ તેમાંથી કંઇક શીખવા, બનવા-બનાવવાની પ્રેરણા આપી.

બંગાળી ટોલા ઈંટર કોલેજમાં પુસ્તક મેળાનું ઉદ્‌ઘાટન કરતાં ધારાસભ્ય ડૉ. જ્યોત્સના શ્રીવાસ્તવે આ સાહિત્યને જીવનની આવશ્યકતા બતાવી. એમને જણાવ્યું કે તેઓ પોતાની તમામ વ્યસ્તતાને ટાળીને પણ નિયમિત સ્વાધ્યાય કરવા માટે પુસ્તકો ખરીદીને લઈ જઈ રહ્યાં છે.

ભારતીય શિક્ષણ મંદિર ઈંટર કોલેજમાં યોજાયેલ પુસ્તક મેળામાં સેંટ્રલ બાર એસોસિએશનના અધ્યક્ષ ડૉ. રામ અવતાર પાંડેએ વિદ્યાર્થીઓને કહ્યું કે મારૂ જીવન આ પુસ્તકોના કારણે જ ઘડાયું છે. તેઓએ વિદ્યાર્થીઓને જીવનમાં સ્વાધ્યાય પ્રત્યે રૂચિ વધારવાની પ્રેરણા આપી અને બતાવ્યું કે પડતર કિંમત પર આટલા ઉપયોગી પુસ્તકો બીજે ક્યાંય નહી મળે.

નિવેદિતા શિક્ષણ સદન બા.ઈ. કોલેજમાં યોજાયેલ પુસ્તક મેળામાં પૂજ્ય ગુરૂદેવના પુસ્તકો જોઈને દક્ષિણ ક્ષેત્રના ધારાસભ્ય દાદા શ્યામદેવ રાય ચૌધરીએ પૂછ્યુ કે આટલા બૃહદ્ સાહિત્ય સર્જન પછી આચાર્યજી નો કોઈ સંકલ્પ અધૂરો તો નથી રહી ગયો ને? મેળાનું અવલોકન કરી રહેલ શ્રીયુત્ શ્રીરામ મૌર્યએ તેઓને પરમ પૂજ્ય ગુરૂદેવના યુગ નિર્માણના સંકલ્પની જાણકારી આપી અને સંપૂર્ણ સહયોગ અને ભાગીદારીનું આહ્વાન કર્યુ.

આ પુસ્તક મેળા ડૉ. માતાફેર પાંડેના કુશળ સંચાલન, શ્રી નગીના કુમાર યાદવની વ્યવસ્થા અને શ્રી રમાશંકર દ્વિવેદીના આર્થિક સહયોગની સાથે સફળતા પૂર્વક સંપન્ન થયા. જેમાં ૭૦૦ પુસ્તકોની પ્રદર્શની લગાવવામાં આવી હતી.

**બનારસ હિંદૂ વિવિ. માં**
**વારાણસી (ઉત્તર પ્રદેશ)**

બનારસ હિંદૂ યૂનિવર્સિટીના મધુબન લોનમાં મા દુર્ગાની સ્થાપના કરવામાં આવી હતી. દુર્ગા પૂજાના આ વિશાળ આયોજનના સમયે સ્થાનીય ગાયત્રી પરિવારે સપ્તમીથી યુગ નિર્માણી સાહિત્યની ભવ્ય પ્રદર્શની લગાવી, જે ખૂબ જ ઉદ્દેશપુર્ણ અને લોકપ્રિય રહી.

સુશ્રી ઉષા પાંડેના જણાવ્યાનુંસાર પુસ્તક પ્રદર્શની અને વિક્રય કેન્દ્રનું ઉદ્‌ઘાટન બી.એચ.યૂ.ના કુલપતિએ કર્યુ. ચાર-પાંચ દિવસ સુધી શ્રદ્ધાળુંઓની ભારે ઉપસ્થિતિ રહી, ઘણું સાહિત્ય વેંચાયું. પરિજનોએ અખંડ જ્યોતિ અને યુગ નિર્માણ યોજના પત્રિકાઓના જૂના અંકોને વિતરિત કર્યા અને નવા સભ્યો બનાવ્યા.

# વિભૂતિઓના સમર્થનથી વધી રહી છે લોકપ્રિયતા

**જીંદ (હરિયાણા)**

અગ્રવાલ ધર્મશાળા, અર્બન એસ્ટેટ, જીંદમાં તા-૨૩ સપ્ટેમ્બરથી ૩ ઓક્ટોમ્બર સુધી યુગ નિર્માણી પુસ્તક મેળાનું આયોજન કરવામાં આવ્યું. જીલ્લાના વરિષ્ઠ અધિકારી ડૉ. જે. ગણેશને ઉદ્‌ઘાટન કર્યુ, જેમણે પરમ પૂજ્ય ગુરૂદેવના પુસ્તકોને જીવનોપયોગી જણાવ્યા.

મેળામાં પ્રથમ દિવસથી જ મોટી સંખ્યામાં લોકો આવ્યા, જેમાં શિક્ષણ સંસ્થાઓની પ્રમુખતા રહી. પ્રથમ દિવસે રાજકીય મહાવિદ્યાલય, અન્નક્ષેત્ર અને ગ્રીન વેલી કોલેજ ઓફ એજ્યુકેશન જેવી મોટી સંસ્થાઓએ પોતાના પુસ્તકાલયો માટે યુગઋષિનું સાહિત્ય ખરીદ્યું. ક્રમશઃ પછીના દિવસે જુલાનાના મામલતદાર શ્રી દિલીપ સિંહ ખર્બ, જીલ્લા શિક્ષણાધિકારી શ્રીમતી સુમન જૈન સાથે તમામ સરકારી અધિકારી, જનપ્રતિનિધિઓએ પુસ્તક મેળામાં આવીને યુગ સાહિત્ય ખરીદ્યું.

પુસ્તક મેળાને સફળ બનાવવા માટે જીંદના કાર્યકર્તાઓ ઉપરાંત સોનીપત, કરનાલ, ઝજ્જર, મહેન્દ્રગઢ, ગોહાનાના કાર્યકર્તાઓએ પણ ભરપૂર સહયોગ કર્યો. ઉદ્‌ઘાટન સમારોહમાં સોનીપતના શ્રી જગદીશ સિંહ કુશવાહ, ડૉ. ગુરૂદત્ત અનેજા અને



જીંદ : કાર્યકર્તાઓ પાસેથી જાણકારી લઈ રહેલ ડૉ.ગણેશન

કરનાલના શ્રી હંસરાજ ચાવલાની નોંધપાત્ર હાજરી રહી હતી.

મેળામાં ભા.સં.જ્ઞા. પરીક્ષાનો રાજ્ય સ્તરીય ઇનામ વિતરણ સમારોહ પણ યોજાઈ ગયો. જીલ્લા શિક્ષણાધિકારી શ્રીમતી સુમન જૈને વિદ્યાર્થીઓને સન્માનિત કર્યા.

# શબરી-ખિસકોલીઓ પણ સમર્પણ શ્રદ્ધાંજલિ આપવામાં પાછળ નથી



**શ્રી પરીક્ષિત લોધીજીનું નામ ભલે ન જાણતા હો, પરંતુ આ દિવસોમાં શાંતિકુંજ આવનારા અધિકાંશ લોકો તેમને જરૂરથી ઓળખશે. માતાજીના ભોજનાલયના દ્વાર પર વ્યવસ્થા બનાવવાનો વિનમ્ર અનુરોધ કરી રહેલા શ્રી લોધીજી અચુક નજરે ચઢશે. આ પહેલાં તેઓ સાહિત્ય સ્ટોલ પર રહ્યા હોય કે પછી કોઈ બીજા વિભાગમાં, તેમણે પોતાની વિનમ્ર સેવાઓથી દરેકનું મન જીતી લીધું છે.**

**૭૫ વર્ષીય શ્રી લોધીજી પાછલાં ૧૫-૧૬ વર્ષોથી શાંતિકુંજને પોતાની સેવાઓ આપી રહ્યા છે. પોતાની પત્નીના નિધન પછી બાળકો પર ભારરૂપ ન બનતાં ગુરૂની સેવાઓનો નિર્ણય લઇને તેઓ શાંતિકુંજ આવી ગયા. ત્યારથી તેઓ પોતાના નિર્વાહ ખર્ચથી બચેલી રકમને સંકટ સમયનો આશરો સમજીને એકઠી કરી રહ્યા હતા અને અત્યાર સુધી કુલ છ હજાર રૂપિયા બચાવી ચૂક્યા હતાં.**

**જન્મ શતાબ્દીમાં ઉભરી રહેલા સમર્પણ-શ્રદ્ધાંજલિના હિલોરાઓએ તેમનું પણ માનસ બદલી નાખ્યું. ભવિષ્યની ચિંતા છોડી સમયની મહત્તાને ઓળખવાના અંતઃકરણના જબરજસ્ત અવાજે તેઓને ઝકઝોરી નાંખ્યા. તેમને કસમયની ચિંતા પોતાની ગુરુસત્તા પર છોડી દીધી અને પરમ પૂજ્ય ગુરૂદેવના વિચાર શરીરને પોતાના ગ્રામવાસિઓ સુધી લઈ જવાનો સંકલ્પ લેતાં તેમણે છ હજાર મૂડી ગૃહગ્રામ ચંદ્રાવલ, જીલ્લો પન્ના (મધ્ય પ્રદેશ)માં એક પુસ્તકાલયની સ્થાપના કરી દીધી.**

# એક બૃહદ સ્ટીકર અભિયાનનો શુભારંભ

**અમરાવતી (મહારાષ્ટ્ર)**

પરમ વંદનીયા માતાજીના મહાપ્રયાણ દિવસ પર ગાયત્રી સંસ્કાર કેન્દ્ર અમરાવતી



પર અમેરિકા નિવાસી પ્રવાસી ભારતીય શ્રી અમિત માથન દ્વારા એક બૃહદ્ સ્ટીકર અભિયાનનો શુભારંભ કરવામાં આવ્યો હતો. આ અવસર પર તેઓએ સજોડ સ્ટીકરોનું વિમોચન કરી અભિયાનના શ્રીગણેશ કર્યા. તેઓએ સપ્ત આંદોલનોના માધ્યમથી ગાયત્રી પરિવાર દ્વારા કરવામાં આવી રહેલ સમાજની ઉત્કૃષ્ટ સેવાઓની પ્રશંસા કરતા તેની ઉત્તરોત્તર સફળતાની શુભેચ્છા આપી. તેમને નવનિર્મિત ચેતના કેન્દ્રને અઢી લાખ રૂપિયાનું દાન પણ કર્યુ.

આ અવસર પર મહારાષ્ટ્ર સેલ્સ ટેક્સ અસોશીયેશનના સભ્ય શ્રી શશાંક માથન પણ સપત્ની હાજર રહ્યા હતા. તેમણે જણાવ્યું કે તેમનું સમગ્ર કુટુંબ પરમ પૂજ્ય ગુરૂદેવના ક્રાંતિકારી વિચારોથી પ્રભાવિત છે. તેમણે ગાયત્રી પરિવારના પ્રત્યેક કાર્યમાં પોતાના સંપૂર્ણ સહકારનું આશ્વાસન આપ્યું.

કાર્યક્રમમાં ગાયત્રી પરિવારના સભ્ય અને બીજા મહાનુભાવો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. દરેકે અમરાવતી જિલ્લામાં વધુમાં વધુ સ્ટીકર લગાવવાનો સંકલ્પ લીધો.

# કુષ્ઠ રોગીઓની સેવા સહાયતા કરી

**અલ્હાબાદ (ઉત્તર પ્રદેશ)**

જ્ઞાનયજ્ઞ પ્રચાર સમિતિ અલ્હાબાદ તા-૧૬ ઓક્ટોમ્બરના રોજ શહેરની કાળા રોડ પર આવેલ કુષ્ઠ રોગી સેવાશ્રમમાં જઈને ત્યાં રહેનારા ૭૦ રોગિઓને જાત-જાતની સહાયતા સામગ્રી આપી. સમિતિ તરફથી કુષ્ટ રોગિઓને તેમના દૈનિક જીવનોપયોગી વસ્તુઓના રૂપમાં ભોજન, કપડા, વાસણ વગેરે આપ્યા, ઉપરાંત તેઓને મિઠાઈ તેમજ મનોરંજન હેતુ રંગીન ટેલીવિઝન ભેટ આપ્યું. સમિતિના સંયોજક શ્રી દેવવ્રત સાહા રાયના જણાવ્યાનુંસાર સમાજના ઉપેક્ષિત આ વર્ગની સેવામાં વધુમાં વધુ કાર્યકર્તાઓએ સેવા-સહયોગ આપ્યો હતો.

# પ્રયાગરાજના મંદિરોમાં વહેંચાયો જ્ઞાન પ્રસાદ

**અલ્હાબાદ (ઉત્તરપ્રદેશ)**

જ્ઞાનયજ્ઞ પ્રચારક સમિતિ અલ્હાબાદ સન્ ૨૦૦૧થી ચાલી આવી રહેલ મંદિરોમાં જ્ઞાનયજ્ઞની પોતાની પરંપરાનો નિર્વાહ કરતાં શારદીય નવરાત્રિમાં શહેરના કેટલાય મંદિરોમાં પોકેટ બુકોનું વિતરણ કર્યુ. સમિતિની તરફથી શહેરના સિવિલ લાયન્સ સ્થિત હનુમાન નિકેતન, સંગમ પર સ્થિત સેતેલા હનુમાનજી, આલોપી દેવી, કલ્યાણી દેવી, લલિતાદેવી વગેરે મંદિરોમાં ૧૨૫૦૦ પુસ્તકોનું વિતરણ કર્યુ. સર્વશ્રી સંજય ગુપ્તા, એલ.બી. સિંહ, સરયુ પ્રસાદ વિશ્વકર્મા, સુશીલ કુમાર શ્રીવાસ્તવ દ્વારા પરોપકાર, નારી જાગરણ, ધનનો સદુપયોગ વગેરે વિષયના પુસ્તકોનું વિતરણ કરવામાં આવ્યું. સમિતિ સંયોજક શ્રી દેવવ્રત સાહા રાયના જણાવ્યાનુસાર આ પરંપરા જન્મ શતાબ્દી વર્ષ સુધી ચાલશે. આ સમિતિ પોતાના હજારો પ્રચારકોની સાથે લાખો લોકો સુધી યુગઋષિના વિચારો પહુંચાડી રહ્યા છે.

# આરોગ્ય : જીલ્લા યોગ સ્પર્ધા યોજાયી

**મુરાદાબાદ (ઉત્તર પ્રદેશ)**

મુરાદાબાદ ગાયત્રી રચનાત્મક ટ્રસ્ટે તા-૨૮ ઓક્ટોમ્બરના રોજ જી.જી. હિંદૂ ઉ.મા. વિદ્યાલયમાં સાતમા જીલ્લા યોગ સ્પર્ધાનું આયોજન રાખ્યું. ધોરણ ૬ થી ૧૦ સુધીના વિદ્યાર્થીઓ માટે યોજાયેલ આ સ્પર્ધામાં જીલ્લાની કેટલીય શાળાઓના સેંકડો બાળકોએ ભાગ લીધો હતો. વિજેતા વિદ્યાર્થીઓને શિલ્ડ, પ્રમાણપત્ર અને સ્મૃતિચિહ્ન આપવામાં આવ્યા. સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરનાર ૧૦ શાળાઓને સ્મૃતિ ચિહ્ન પ્રદાન કરી સન્માનિત કરવામાં આવી.

**જીલ્લાની કેટલીય શાળાઓના સેંકડો બાળકોએ ભાગ લીધો**

આ દિવસે વિદ્યાર્થીઓની યોગ-જ્ઞાન સ્પર્ધાનું પણ આયોજન રાખવામાં આવ્યું હતુ, જેમાં વિદ્યાર્થીઓને ૫૦ લેખિત પ્રશ્નોના જવાબ આપવાના હતા. આર.એસ. એકેડમી મુરાદાબાદના વિદ્યાર્થી પવન શર્મા, અખિલેશ કુમાર અને કુમારી સીમા રાનીએ આ સ્પર્ધામાં પ્રથમ ત્રણ ક્રમે સ્થાન મેળવ્યું હતું. વિજેતાઓને દેસંવિવિ.ના યોગાચાર્યશ્રી ડૉ.અમૃતલાલ ગુર્વેન્દ્રએ સન્માનિત કર્યા હતા. સન્માન સમારોહની અધ્યક્ષતા પં. ગૌરીશંકર શર્મા તેમજ સંચાલન શ્રી રમેશકુમાર વર્માએ કર્યુ હતું.

**ધર્મશીલ એ છે, જે બુદ્ધિમાન, દૂરદર્શી, વિવેકશીલ અને સુરુચિ સંપન્ન છે.**

# રાષ્ટ્ર જાગરણ દીપયજ્ઞોના માધ્યમથી આપવામાં આવી રહી છે સદ્ગુરૂને શ્રદ્ધાંજલિ

**કાનપુર (ઉત્તરપ્રદેશ)**

નવચેતના વિસ્તાર કેન્દ્ર કલ્યાણપુરના ૨૪ મંડળોના ભાઈ-બહેનોએ મળીને આસપાસના ૪૦ ગામોમાં જન્મ શતાબ્દીનો સંદેશ પહોંચાડવાનો સંકલ્પ લીધો છે. શ્રીમતી મમતા કુશવાહાના નેતૃત્વમાં ૧૫-૨૦ ભાઈ-બહેનોની ટોળી કોઈ એક ગામમાં પહુંચીને ત્યાં આખો દિવસ કાર્યક્રમ કરાવી રહી છે. મેગાફોન, ડફલી, ઝંડા, બેનર વગેરેની સાથે શરૂઆતમાં ગામમાં જોરદાર ધર્મફેરી કાઢવામાં આવે છે. ત્યારપછી દીપયજ્ઞ-બેઠકોના માધ્યમથી યુગઋષિનો સંદેશ પહોંચાડતા લોકોને નશામુક્ત થવા, આત્મ સાધના અને ગ્રામ વિકાસ માટે સામૂહિક પુરુષાર્થ કરવાનો સંદેશ આપવામાં આવે છે. જે ગામમાં ટોળી સક્રિય રહે છે, ત્યાં ત્રિકાલ સંધ્યા બધા એક સાથે કરે છે. ત્યાં સાધના અને સ્વાધ્યાય મંડળોની નવરચના પણ કરવામાં આવે છે, જેથી કરીને સુધાર પ્રક્રિયા હરહંમેશ ચાલતી રહે. મિશનની પત્રિકાઓના સભ્યો પણ મોટી સંખ્યામાં બની રહ્યા છે.

**શ્યોપુર (મધ્ય પ્રદેશ)**

સર્જન ક્રાંતિનો સ્વર્ણિમ અધ્યાય રચી રહેલ શ્યોપુર શાખા દ્વારા તા-૨૯ અને ૩૦ ઓક્ટોમ્બરની તારીખોમાં યોજાયેલ રાષ્ટ્ર જાગરણ દીપ મહાયજ્ઞ અપાર ઉલ્લાસ અને સફળતા સાથે સંપન્ન થયો. ચારે તરફ છવાયેલ ડર અને વિનાશના વાદળોની વચમાં ઉજ્જવળ ભવિષ્યની સુનિશ્ચિતતાનો વિશ્વાસ જગાવનાર યુગઋષિ પં. શ્રીરામ શર્મા આચાર્યજીના અભિયાને નગરવાસિઓને ઉલ્લાસથી ભરી દીધા.

કાર્યક્રમમાં વિશાળ કળશ યાત્રાની સાથે એક આકર્ષક નશામુક્તિ રેલી પણ કાઢવામાં આવી. તમામ ઓજસ્વી સૂત્રોચ્ચારની સાથે લોકોને જણાવવામાં આવ્યું કે નશો વિવેકનો સૌથી મોટો દુશ્મન છે, જે વ્યક્તિની મતિને હરી લે છે. એ દુર્બુદ્ધિ જ છે, જે વ્યક્તિને પતન અને મોતની તરફ ખેંચી જાય છે.


ભીનમાલમાં થઈ રહેલ શક્તિ કળશની સ્થાપના

દીપ મહાયજ્ઞની દિવ્ય વેળામાં ગાયત્રી પરિવારના જોરદાર પ્રયાસોથી નગરવાસિઓમાં સમાજના નવ નિર્માણ માટે સ્વતંત્રતા સંગ્રામમાં ભાગીદારી જેવા ભાવ જાગૃત થયા અને રાષ્ટ્ર દેવતાને આપવામાં આવેલ વિશેષ આહુતિઓ પછી આ આશયનો સંકલ્પ લેવામાં આવ્યો. કાર્યકર્તા બેઠકમાં અભિયાનને ગતિ આપવા માટે કાર્યયોજના બનાવવામાં આવી. આયોજકોએ વૈકલ્પિક ચિકિત્સા પરામર્શ શિબિરનું આયોજન પણ કર્યુ, જેનો અનેક લોકોએ લાભ પણ લીધો.

**ભીનમાલ, જાલોર (રાજસ્થાન)**

ભીનમાલ ગાયત્રી શક્તિપીઠ શક્તિકળશના સાનિધ્યમાં પોતાના ક્ષેત્રના ગામે-ગામમાં યુગ ચેતના વિસ્તારનો સંકલ્પ લીધો છે. પ્રસ્તુત શારદીય નવરાત્રિ પર શક્તિપીઠ પર સર્જન સાધના શક્તિકળશની સ્થાપના કરવામાં આવી. આ મુખ્ય કળશના સાનિધ્યમાં નિત્ય પૂજન અને સામૂહિક સાધનાનો ક્રમ સંપન્ન થશે.

તા- ૨૨ ઓક્ટોમ્બરના રોજ ગાયત્રી વિદ્યાપીઠની દેવ કન્યાઓએ દીપયજ્ઞની સાથે શક્તિ કળશનું ભાવભર્યુ પૂજન કર્યુ. ત્યારપછી આ યાત્રા અગ્રવાલ કોલોની પહોંચી, જ્યાં ઢોલ-નગારાની સાથે તેનું ભાવભર્યુ ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. કોલોનીના ઘરે-ઘરે સાધનાનું વાતાવરણ બન્યું. લોકોએ લોકમંગળની સાથે સર્જન સાધના અભિયાનમાં નૈષ્ઠિક ભાગીદારીની અપીલ કરી. રાષ્ટ્ર જાગરણના ભવ્ય વાતાવરણમાં ઉલ્લાસ વચ્ચે કાર્યક્રમના અંતમાં સત્સંકલ્પ દોહરાવવામાં આવ્યા. મહેશ વ્યાસ, પ્રદીપ શર્મા વગેરેએ કાર્યક્રમનું સંચાલન કર્યુ. પુષ્પા શર્મા, પપ્પૂ દેવી સુથાર વગેરેનું આયોજનની સફળતામાં પ્રશંસનીય યોગદાન રહ્યું.

**પાલી (રાજસ્થાન)**

જીલ્લાની બાલી શાખાએ ઘેનડી ગામના શિવ મંદિર પર વિશાળ રાષ્ટ્ર જાગરણ દીપયજ્ઞનું આયોજન કર્યુ. કાર્યક્રમ સંયોજક શ્રી સમુદ્ર સિંહ રાજપુરોહિતના જણાવ્યાનુસાર મશાલ જ્યોતિ અને કળશ યાત્રાએ ગામના તમામ પરિજનોમાં આધ્યાત્મિક ચેતાનાનું જબરજસ્ત સંચાલન કર્યુ. ઘરે-ઘર યુગ સાહિત્ય વિતરિત કરવામાં આવ્યું. યજ્ઞ પહેલા ગામમાં સફાઈ અભિયાન ચલાવવામાં આવ્યું. પંચકુંડીય યજ્ઞ અને દીપ મહાયજ્ઞની સાથે રાષ્ટ્ર દેવતાને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી. સુમિત્રા રામાવત, નન્દૂભાઈ નંદવાણા, મહેન્દ્ર સિંહ, બાબૂપુરીનો વિશેષ સહયોગ રહ્યો, કાર્યક્રમથી પ્રભાવિત થઈને કેટલાય લોકોએ શાંતિકુંજ આવીને ગુરૂદીક્ષા લીધી.

**ધૌલપુર (રાજસ્થાન)**

હનુમાન ત્રણ રસ્તાની નજીક ખોંસલા પ્રાંગણ, ધૌલપુરમાં તા- ૧૮ થી ૨૦ ઓક્ટોમ્બરની તારીખોમાં રાષ્ટ્ર જાગરણ દીપમહાયજ્ઞ સંપન્ન કરવામાં આવ્યો. આ અવસર પર યોજાયેલ વિશાળ દીપયજ્ઞના સમયે હજારો નગરવાસિઓએ રાષ્ટ્રના નવ નિર્માણ માટે, સર્જન ચેતનાના જાગરણ માટે પોતાની ભાગીદારી માટેના સંકલ્પ પત્ર ભર્યા.

કાર્યક્રમનો શુભારંભ લગભગ ૩૫૦ બહેનો દ્વારા કાઢવામાં આવેલ કળશ યાત્રાથી કરવામાં આવ્યો. પૂર્વ પ્રધાન શ્રીમતી મીનાક્ષીએ લીલી ઝંડી બતાવીને આને આગળ ધપાવી. કળશ યાત્રાએ શહેરના મુખ્ય માર્ગો પર શાંતિ અને સદ્ભાવનાનો સંદેશ આપ્યો.

આગામી નિર્ધારિત કાર્યક્રમોના માધ્યમથી યુગની અવતારી ચેતના પરમ પૂજ્ય ગુરૂદેવની જન્મ શતાબ્દીના સંદર્ભમાં વિસ્તૃત જાણકારી આપવામાં આવી. કાર્યક્રમનું સંચાલન શાંતિકુંજથી પહોંચેલ શ્રી ઘન્નાલાલ સાવની ટોળીએ કર્યુ. આ સાથે થયેલ કાર્યકર્તા બેઠકમાં જીલ્લાના તમામ ગામ-મહોલ્લાઓમાં રાષ્ટ્ર જાગરણ દીપયજ્ઞ કરવાનું આહ્વાન કેન્દ્રીય ટોળીએ કર્યુ. બચપન પ્લે સ્કૂલ, બા.મા. વિદ્યાલય, હૈદરશાહની વાડી, ઉ.મા. આદર્શ વિદ્યામંદિર ઘંટાઘર રોડ, કમળા કોલેજ, રા.બા. ઉચ્ચ મા. વિદ્યાલયમાં જઈને શાંતિકુંજ પ્રતિનિધિઓએ યોગાભ્યાસ કરાવ્યો અને યુગ સંદેશ પહોંચાડ્યો. કેટલાય લોકોને શારીરિક-માનસિક સ્વાસ્થ્ય લાભ માટે વૈકલ્પિક ચિકિત્સા પરામર્શ પણ આપવામાં આવી.

## પોલિસ કર્મચારીઓ માટે યોગ શિબિર

**હરિદ્વાર (ઉત્તરાખંડ)**

હરિદ્વાર સ્થિત પીએસ ૪૦મી બટાલિયનમાં યોગ વિજ્ઞાન અને વૈજ્ઞાનિક અધ્યાત્મ દ્વારા સ્વાસ્થ્ય પ્રબંધન અને તણાવ પ્રબંધન પર ૫ દિવસીય શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. તા- ૨૮ ઓક્ટોમ્બરના રોજ શુભારંભ કરવામાં આવેલ આ શિબિરનું સંચાલન દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલયના વિશેષજ્ઞોએ કર્યુ.


યોગ શિબિરમાં પ્રશિક્ષણ મેળવી રહેલ પોલિસકર્મીઓ

કાર્યક્રમના સમાપન સમારોહમાં યુવા આઈ.પી.એસ. અધિકારી પીએસ કમાંડેંટ શ્રી અનંત શંકર તાકવાલેએ શિબિરની ઉપલબ્ધિઓની ચર્ચા કરતાં કહ્યું કે આ શિબિરનો એવો તો અનુભવ રહ્યો કે જાણે ૩૦ વર્ષોના જીવનમાં મળેલા સંસ્કારોને પૂર્ણતા મળી ગયી હોય. આ અવસર પર દેસંવિવિના જનસંપર્ક, પ્રસાર એવં સેવાયોજન વિભાગના નિદેશક શ્રી રામમહેશ મિશ્રએ યોગને ચિરયુવાન રાખનારી કલા બતાવી, યોગ વિભાગાધ્યક્ષ શ્રી સુરેશ વર્ણવાલે યોગના વાસ્તવિક રૂપને સમજવા અને અપનાવવાની અપીલ કરી.

શ્રી રાકેશ વર્મા અને શ્રી અશોક પરમારે યૌગિક ક્રિયાઓનો અભ્યાસ કરાવ્યો. મનોવિજ્ઞાનના શોધાર્થી શ્રી પીયૂષ ત્રિવેદીએ માનસિક સ્વાસ્થ્યનું વૈજ્ઞાનિક અધ્યાત્મવાદી મૉડલ રજૂ કર્યુ. શ્રી ગગન દેશમુખે પ્રાણિક હીલિંગની જાણકારી આપી. શ્રી ગુલામ અસકરી જૈદીએ કાવ્યાત્મક રૂપથી યોગનું મહત્વ બતાવતાં હાજર પોલિસ અધિકારીઓ અને કર્મચારીઓને મંત્રમુગ્ધ કરી દીધા. આ શિબિરમાં કુલ ૧૨૫ પોલિસ જવાનોએ ભાગ લીધો હતો. સમાપન સમયે તમામ તાલીમાર્થીઓને પ્રમાણપત્ર અને સ્વાસ્થ્ય સંબંધી યુગ સાહિત્ય ભેંટરૂપે આપવામાં આવ્યું.

## કુમારી અર્ચનાને યોગમાં આંતર્રાષ્ટ્રીય રજત પદક મળ્યું

દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલયની પૂર્વ વિદ્યાર્થીની કુમારી અર્ચનાએ (એમએ-યોગ) થાઈલેન્ડમાં યોજાયેલ એશિયા કપ યોગ કોન્ટેસ્ટ ૨૦૧૦માં રજત પદક મેળવ્યું. તેને ઝારખંડ પ્રાંતથી ભારતનું પ્રતિનિધિત્વ કરતાં આ સફળતા મેળવી હતી. કુમારી અર્ચનાએ ત્રણ અલગ અલગ રાઉન્ડ( ઓલમ્પિક રાઉન્ડ, આર્ટિસ્ટ રાઉન્ડ અને આર્ટિસ્ટ પેયર રાઉન્ડ )માં ત્રણ રજત પદક મેળવ્યા છે.

અહીં એ વાતનો ઉલ્લેખ કરવા જેવો કે પ્રતિયોગિતામાં સાત દેશોના ૨૦૦ પ્રતિભાગિઓએ ભાગ લીધો હતો. ભારતથી ઝારખંડ, મહારાષ્ટ્ર, ત્રિપુરા અને ગુજરાતના પ્રતિભાગી મોકલવામાં આવ્યા હતા. આ રજત પદકના આધારે તે હવે ઓગસ્ટ ૨૦૧૧માં મોરિશસમાં યોજાનાર વિશ્વકપ અને ડિસેમ્બરમાં હોંગકોંગમાં યોજાનાર આંતરરાષ્ટ્રીય યોગ ફેસ્ટિવલમાં ભાગ લેશે.

કુમારી અર્ચના દેસંવિવિના વર્ષ ૨૦૦૭-૦૯ની વિદ્યાર્થીની છે. એક સાધારણ પરિવારની દીકરીને આ ઉંચાઈ પર પહોંચાડવા માટે તેણે પરમ પૂજ્ય ગુરૂદેવ અને દેસંવિવિનો આભાર વ્યક્ત કર્યો. આદરણીય જીજી-ડૉ. સાહેબે તેની આ સફળતા માટે અભિનંદન પાઠવતા દેવ સંસ્કૃતિ વિશ્વ વિદ્યાલયની અન્ય વિદ્યાર્થીનીઓને રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય પ્રતિયોગિતાઓમાં વધુંને વધું ભાગ લેવાની પ્રેરણા આપી.

## ગોસંરક્ષણ માટે રાષ્ટ્રપતિને આપી જાણકારી

**બોદવડ, જલગાંવ (મહારાષ્ટ્ર)**

પોતાના ગામને આદર્શ ગ્રામના રૂપમાં વિકસિત કરવા માટે સતત પ્રયત્નશીલ ગાયત્રી પ્રજ્ઞા મંડળ બોદવડના નવયુવકોએ રાષ્ટ્રપતી મહામહિમ પ્રતિભા પાટીલ સુધી યુગઋષિનું સાહિત્ય પહોંચાડ્યું અને ગોસંવર્ધન માટે પ્રભાવી પગલાં ભરવા સંબંધી જાણકારી પણ આપી. અહીં એ વાતનો ઉલ્લેખ કરવા જેવો કે બોદવડ ગ્રામના ૭૦ ટકા લોકો ગાયત્રી ઉપાસક છે. આ નવયુવાનો પોતાના ગ્રામમાં ગોસંવર્ધન અને ગોધન આધારિત કૃષિ પર વિશેષ ધ્યાન આપી રહ્યા છે.

નાના પાટીલના જણાવ્યાનુંસાર મહામહિમને આપવામાં આવેલ જાણકારીમાં મહારાષ્ટ્રના કતલખાનાઓ બંધ કરવા, ગાયને રાષ્ટ્રીય પ્રાણી જાહેર કરવા, ખેડૂતને ગાય પાળવા માટે પ્રોત્સાહિત કરવા જેવી માંગણી કરવામાં આવી છે. જાણકારી આપવા માટે પહોંચેલ નવયુવાનોએ મહામહિમને પરમ પૂજ્ય ગુરૂદેવનું સાહિત્ય ભેંટ કર્યુ અને શાંતિકુંજમાં ગોસંવર્ધન માટે ચાલી રહેલ કાર્યોની જાણકારી પણ આપી.



બોદવડમાં ગાયત્રી પરિવાર દરેક વર્ષે શારદીય નવરાત્રિના સમયે દૂધ આપનારી દેશી ગાયોને સજાવીને ગામની ભાગોળે પ્રદર્શની લગાવવામાં આવે છે. તેમનામાં સૌથી વધું સ્વસ્થ અને બળવાન ગાયને પુરસ્કૃત પણ કરવામાં આવે છે. આ અવસર પર તમામ ગોપાલકને એક વૃક્ષ ભેટ આપવામાં આવે છે. ગોપાલન અને આદર્શ ગ્રામ યોજનાને મૂર્તમંત આપવામાં સર્વશ્રી અનિરુદ્ધ, ઈશ્વર સોનવને, ગજાનન ડોળસ, નાના પાટીલ, એકનાથ પાટીલ, વીરેન્દ્ર, દીપક વગેરે મુખ્ય ભૂમિકા ભજવી રહ્યા છે.

**કાયર મૃત્યું પહેલા અનેક વખત મરે છે, જ્યારે બહાદુર મરવાના દિવસે જ મરે છે.**

# શાંતિકુંજ પ્રતિનિધિઓના ઈંગ્લેન્ડ પ્રવાસથી શ્રદ્ધા-સક્રિયતામાં આવ્યો નિખાર

**શાંતિકુંજથી ઈંગ્લેન્ડ અને આયરલેંડના પ્રવાસ પર ગયેલ ડૉ. ઓ.પી. શર્મા, શ્રી રમેશ તિવારી અને શ્રી ટિકેશ્વર બિસેનની ટોળી ઓક્ટોમ્બરના બીજા અઠવાડિયે શાંતિકુંજ પરત ફરી. કેટલાય મહત્વપૂર્ણ કાર્યક્રમોથી યુગ ચેતના વિસ્તારના અભીષ્ઠ પ્રયોજનો ભવ્ય સફળતા સાથે પૂર્ણ થયા. પ્રસ્તુત છે ટોળીના સમાપન ચરણના કેટલાક મહત્વપૂર્ણ સમાચાર.**

### વિદ્યાર્થીઓ માટે અનુદાન

શાંતિકુંજ પ્રતિનિધિઓના આહ્વાન પર ગાયત્રી ચેતના કેન્દ્ર, લેસ્ટરના પરિજનોએ દેવ સંસ્કૃતિ વિશ્વ વિદ્યાલયના વિદ્યાર્થીઓને ગોદ લઈને તેમણા શૈક્ષિક-સાંસ્કૃતિક વિકાસમાં સહયોગ કરવાનું માનસ બનાવ્યું છે. તા-૫ સપ્ટેમ્બરના રોજ કેન્દ્ર પર સંપન્ન ટ્રસ્ટિઓ અને કાર્યકારિણીઓની એક બેઠકમાં આ આશયનો નિર્ણય લેવામાં આવ્યો. જ્ઞાનઘટોના માધ્યમથી પરમ પૂજ્ય ગુરૂદેવના જન્મ શતાબ્દી સમારોહમાં જન-જનની મહત્વપૂર્ણ ભાગીદારી અર્પિત કરવાનો ઉત્સાહ પણ ઉભરાઈ આવ્યો. સર્વશ્રી સુરેશભાઈ રાવલ, કપિલા બેન, રજનીકાંત ભાઈએ બેઠકનું આયોજન કર્યુ. સતીશભાઈ, શર્મિલાબેન, મનસુખભાઈ, ઈંદ્રજીત ભાઈ મિસ્ત્રી વગેરેનો સહયોગ મળ્યો. અહીં એ વાતનો ઉલ્લેખ કરવા જેવો કે દેસંવિવિમાં મોટી સંખ્યામાં એવા વિદ્યાર્થીઓ ભણે છે, જેમનામાં સમાજ અને સંસ્કૃતિ માટે કંઈ કરી બતાવવાનો ઉમંગ છે, પરંતુ શિક્ષણનો ખર્ચ વહન કરવામાં સક્ષમ નથી. દેવ સંસ્કૃતિ વિશ્વ વિદ્યાલય આવા બાળકોની પૂરે પૂરી મદદ કરતા તેમની ફી માફ કરી દે છે.

તા- ૧૦ ઓક્ટોમ્બરના રોજ ટોળીની વિદાય ના પહેલા ઈંગ્લેન્ડના પરિજનોનો પ્રશંસનીય સહયોગ મળ્યો. લંડનથી ૨૪ વિદ્યાર્થીઓ માટે તથા કોવેન્ટ્રી, હિંક્લી, નેનીટન, લેસ્ટરથી ૮૧ વિદ્યાર્થીઓ માટે સહયોગ રાશિ મળી આવી. કોવેન્ટ્રીના શ્રી મંગૂભાઈએ પોતાની તરફથી ૧૮ વિદ્યાર્થીઓ માટેની સહયોગ રકમ આપી.

### મનીષિઓ પર છોડી અમિટ છાપ

લિવરપૂલના શ્રી રામકૃષ્ણ મંદિર એજલેમમાં પહેલી વાર યજ્ઞ અને વૈજ્ઞાનિક અધ્યાત્મવાદ પર એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું. જેમાં ડૉ. મહિમા પાંડે, ડૉ. એચ.સી. તિવારી, ડૉ. સમરેન્દ્ર ચૌધરી, ડૉ. સિન્હા, ડૉ. દ્વિવેદી, ડૉ. ખન્ના સાથે ૧૨ ચિકિત્સકોનું, એંજીનિયરોનુ તેમજ બી.ટેકના વિદ્યાર્થીઓનું વિશેષ યોગદાન રહ્યું હતું. યજ્ઞમાં જોડાયેલ લોકોએ પત્રિકાઓની સદસ્યતા ગ્રહણ કરી અને મોટી માત્રામાં યુગ સાહિત્ય ખરીદ્યું. મંદિરના અધ્યક્ષે દર બે મહિને આવો કાર્યક્રમ યોજવા માટે ગાયત્રી પરિવારને વિનમ્ર આગ્રહ કર્યો.



તા- ૨૧ સપ્ટેમ્બરના રોજ મા ભગવતી કુંજ, કોએડનમાં વેસ્ટ ક્રોએડન લંડનના કાંઉન્સિલર ઈંટરફેથ કાર્યક્રમોને આગળ ધપાવનારા લગભગ ૨૦ લોકોની વિશેષ બેઠક યોજાઈ. શાંતિકુંજ પ્રતિનિધિએ યુગ નિર્માણ યોજનાની સારગર્ભિત જાણકારી આપવાની સાથે તેમાં ભાગીદારી માટેના સરળ સૂત્રો પણ સમજાવ્યા. શ્રોતા યુગ નિર્માણ સત્સંકલ્પોથી વિશેષરૂપથી પ્રભાવિત થયા. તમામે પોતાના સહયોગનું આશ્વાસન આપ્યું. એમ.પી. શ્રી ગૈવિન બારબેલ અને શ્રી વિધિભાઈ મોહન- કૉસિલર ક્રાઈડન સિટી લંડને પોતાના વિશેષ સહયોગની વાત કહી. વિશ્વ હિંદૂ પરિષદના શ્રી શાંતિભાઈ અને ચેરમેન શ્રી જગદીશ વર્માએ નિયમિત સત્સંકલ્પ પાઠ કરવાનો સંકલ્પ કર્યો અને બીજાઓને પણ પ્રેરિત કર્યા.

### સ્વજનોમાં વધાર્યો જન્મ શતાબ્દીનો ઉલ્લાસ

તારીખ ૩ ઓક્ટોમ્બરના રોજ માન્ધાતા યૂથ કમેટી વેમ્બલીના વિશાળ હોલમાં લગભગ ૫૦૦ પરિજનોની વચમાં કાર્યક્રમ સંપન્ન થયો. સંપૂર્ણ યૂ.કે.ના વરિષ્ઠ પરિજનોએ ભાગ લીધો. આ કાર્યક્રમમાં પરમ પૂજ્ય ગુરૂદેવના જન્મ શતાબ્દી વર્ષમાં ભાગીદારીની ચર્ચાઓ થઈ. કાર્યક્રમના અંતમાં નવરાત્રિ સાધના માટેના સંકલ્પ કરાવવામાં આવ્યા. શ્રી રાજર્ષિ ત્રિપાઠી અને શ્રીમતી સ્વાતી ત્રિપાઠીનું ગોષ્ઠીના ઓયોજનમાં વિશેષ સહયોગ મળ્યો.



ઈંગ્લેન્ડના કાર્યકર્ત્તાઓએ નિકટવર્તી ફ્રાંસ, જર્મની, ઈટાલી, ડેનમાર્ક, હોલેન્ડ, બેલ્જિયમ, આયરલેન્ડ, પુર્તગાલ, સ્પેન, સ્વીડન, નૉર્વે અને ફિનલેન્ડમાં સ્થાનીય શાખાઓ-કાર્યકર્ત્તાનો સહયોગ કરતાં મિશનના વિસ્તારની યોજના બનાવી છે. આ માટે ગાયત્રી ચેતના કેન્દ્ર, લેસ્ટર પર તા-૩ થી ૧૦ ઓક્ટોમ્બરની તારીખોમાં વિધિવત્ કાર્યકર્ત્તા પ્રશિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું. નિત્ય આરતી, ધ્યાન, પ્રાણાયામ, સંગીત, સ્વાધ્યાય, સત્સંગ વગેરેના વર્ગો ચલાવવામાં આવ્યા. જાણમાં રહે કે ત્યાંના કાર્યકર્ત્તાઓના શિક્ષણ ઉપરાંત યુવાનોના વર્ગો તેમના દ્વારાજ સંપન્ન કરાવવામાં આવ્યા. સર્વશ્રી મનસુખ ભાઈ, ઈંદ્રજીત ભાઈ, ડૉ. દિનેશ, જ્યોતિબેન જોશી, નૈનબેન મિસ્ત્રી, શ્રીમતી મધુબેન પટેલ, સુશીલાબેન રાણા વગેરેએ અભીષ્ટ ઉદ્દેશ માટે વધુ સમયદાન કરવાના સંકલ્પ લીધા.

### સામૂહિક શ્રાદ્ધ-તર્પણ સમારોહ

શાંતિકુંજ પ્રતિનિધિઓના સાનિદ્યમાં ગાયત્રી ચેતના કેન્દ્રમાં પ્રથમ વાર ત્રણ કુંડીય યજ્ઞની સાથે સામૂહિક શ્રાદ્ધ-તર્પણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ, લગભગ ૧૦૦ લોકોએ ભાગ લીધો. તેઓ અલગ-અલગ ધર્મ-સંપ્રદાયના હતા. પિતરોને



તૃપ્ત કરવા માટે ગુરુદેવ દ્વારા આપવામાં આવેલ ચિંતને તમામને પ્રભાવિત કર્યા.

### પરમ વંદનીય માતાજીને શ્રદ્ધાંજલિ

મા ભગવતી કુંજ, વેસ્ટ ક્રાઈડનમાં તા-૨૩ સપ્ટેમ્બરના રોજ ૧૦૮ દીપયજ્ઞની સાથે પરમ વંદનીયા માતાજીનો મહાપ્રયાણ દિવસ મનાવતા ભાવભરી શ્રદ્ધાંજલિ સમર્પિત કરવામાં આવી. આ કાર્યક્રમમાં ૨૦૦ લોકોએ ભાગ લીધો. ડૉ. ઓ.પી. શર્માજીએ મહિલા જાગૃતિ અભિયાન અને પરિવાર નિર્માણમાં બહેનોની ભૂમિકા બતાવી. તેમણે પરમ વંદનીય માતાજીના જીવનના માર્મિક સંસ્મરણ સંભળાવતા તેમના અનુગ્રહ અને સંરક્ષણની દિવ્યતાની અનુભૂતિ કરાવી. કાર્યક્રમની સફળતામાં દિનકર ભાઈ, કોકિલા બેન, યોગેશ ભાઈ, રંજના બેન પટેલ વગેરેનું વિશેષ યોગદાન રહ્યું હતું.

### મા ભગવતી શક્તિપીઠની પ્રાણ - પ્રતિષ્ઠા

તા- ૮ ઓક્ટોમ્બરના રોજ નોટિંઘમમાં મા ભગવતી શક્તિપીઠની પ્રાણ પ્રતિષ્ઠા શાંતિકુંજ પ્રતિનિધિઓ દ્વારા સંપન્ન કરવામાં આવી. સંભવતઃ પરમ વંદનીય માતાજીના નામ પર બનેલી આ પ્રથમ શક્તિપીઠ છે. બ્રિટેનમાં પોલિસ વિભાગના અધિકારી રહી ચુકેલા શ્રી અનિલજીએ પ્રાણ પ્રતિષ્ઠા કરવાની સાથે અહીં યુગઋષિનું તમામ સાહિત્ય સ્થાપિત કરવાનો સંકલ્પ લીધો. ગાયત્રી ચેતના કેન્દ્રના સહયોગથી અહીં મિશનના અનુરૂપ રચનાત્મક ગતિવિધિઓ ચલાવવામાં આવશે. ☯



શક્તિપીઠની પ્રાણ પ્રતિષ્ઠા કરાવી રહેલ ડૉ. ઓ.પી. શર્મા

## સામૂહિકતાની અસર, સમજદારીને સલામ શરાબનું થયું કામ તમામ

### મધુબની (બિહાર)

જયનગરથી ત્રણ કિલોમીટર પશ્ચિમમાં ૧૦ હજાર લોકોની અલ્પસંખ્યક વસ્તી વાળા એક ગામ છે દેવધા. આ ગામમાં પણ બીજા ગામોની જેમ જ દારૂએ બરબાદી મચાવી હતી. પરંતુ ગામના સમજદારો એ મળીને કંઈક એવા નિર્ણય લીધા કે ગામમાં પરિવર્તનનું મોજુ ફરી વળ્યુ, આ ઘટનાની પ્રેરણા લઈને આસપાસના ગામોમાં પણ નશાબંધીની લહેર ચાલી નીકળી છે. દેવધા ગામની દરેક વ્યક્તિના મોઢે એક જ નારો છે, ‘દારૂનો જે બન્યો શિકાર, એનું ઉજડ્યું ઘર-પરિવાર’

દેવધા ગામમાં દેશી અને અંગ્રેજી દારૂની ઘણી ખપત હતી. કેટલાય પરિવાર આ કારણે બરબાદ થઈ રહ્યા હતા. આવામાં ગામના લોકોએ શરાબખોરીના વિરૂદ્ધ સામૂહિક નિર્ણય લીધા. ગામના કેટલાક સમાજસેવીઓએ અને મૌલવિઓએ એક બેઠક બોલાવી અને નિર્ણય લીધો કે ગામનો જે પણ વ્યક્તિ દારૂના નશામાં પકડાઈ જશે, તેના ઘરે કોઈનું નિધન થઈ જવા પર સમાજના લોકો જનાજામાં નમાજ અદા કરવા નહીં જાય. તેઓ તેના ઘરે આયોજીત કોઈ પણ પ્રકારના ભોજમાં પણ ભાગીદારી નહી કરે. તેની દીકરીના લગ્નમાં કામતો કરશે, પરંતુ ભોજન ત્યાગશે. ગામના લોકો આ ફેસલાથી સહમત થયા અને જાહેરાત કરી દેવામાં આવી. આ પછી તો જાણે ગામની હવા જ બદલાઈ ગઈ. ફેસલાના સમયે મુહમ્મદ હમજા સાથે કેટલાય સમાજસેવીઓ અને બુદ્ધિજીવીઓ હાજર હતા.

યોજના સફળ રહી. ગ્રામવાસિઓએ દારૂ પીવાનું છોડી દીધું. એક વખત એક વ્યક્તિ દારૂના નશામાં પકડાઈ આવ્યો તો તેના ઘરે દાવતમાં કોઈ ન ગયું. તેને ઘરે-ઘરે જઈને માફી માંગવી પડી અને ફરીવાર ભૂલ ન કરવા સંકલ્પ લેવો પડ્યો, ત્યારે જ ગ્રામવાસિઓ તેની દાવતમાં જોડાયા.

**સાભાર દૈનિક જાગરણ, દહેરાદૂન**

## આયરલેન્ડમાં પણ થયા જન્મ શતાબ્દીના વિશેષ આયોજનો

રાજધાની ડબલિનના કમ્યુનિટી હોલમાં ૧૦૦૮ વેદીય દીપયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમ ડૉ. દિનેશ પટેલ, ઈંદ્રજીત ભાઈ, નૈનાબેન મિસ્ત્રી, હિંમાશુ પટેલ, પ્રજ્ઞા પટેલ વગેરેનો સહયોગથી સંપન્ન થયો. આજ દિવસે શાંતિકુંજની ટોળી દ્વારા ‘યૂરેશિયા શોપિંગ મોલ’નું દીપયજ્ઞના માધ્યમથી ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. અહીં એ વાતનો ઉલ્લેખ કરવા જેવો કે શ્રી સુધાંશુ વર્માએ પોતાના આ મોલમાં એક સેલ કાંઉટર માત્ર યુગ સાહિત્ય અને મિશનની પત્રિકાઓના વેચાણ માટે રાખ્યો છે.



બે મોટા શહેર કોર્ક અને ટ્રોલીમાં પ્રભાવશાળી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું. ડૉ. સી.એન. ચંદ્રશેખર અને ડૉ. મનીષ સિંઘલ, ડૉ. નટરાજન-કંસલ્ટંટ સાઈકેટિસ્ટ વગેરેના સહયોગથી કોર્કમાં અને ડૉ. વિવેક ઉપાધ્યાય અને શ્રીમતી ઋચાના સહયોગથી ટ્રોલીના કમ્યુનિટી સેંટરમાં કાર્યક્રમનું આયોજન થયું. બંને શહેરોમાં નવી શાખાઓની રચના થઈ, લોકો મિશનની પત્રિકાઓના સદસ્ય બન્યા. આયરલેંડ પ્રવાસમાં ત્રણે શહેરની કેટલીય વિભૂતિઓએ યુગનિર્માણ આંદોલનમાં ભાગીદારીનું આશ્વાસન આપ્યું. ☯

**જેમને લાંબુ જીવન જોઈતું હોય તેઓ, કકડી ભૂખ લાગે ત્યારે જ ભોજન કરવાની આદત બનાવે.**

# માનસપુત્રોમાં શ્રદ્ધા-સંકલ્પ બનીને ઉભરી રહ્યા છે યુગઋષિના વરદાન

## જન્મ શતાબ્દી પ્રયાજ માટે આગળ આવ્યા ક્રાંતિદૂત

**વારાણસી (ઉત્તર પ્રદેશ)**

તા- ૨૨ અને ૨૩ ઓક્ટોમ્બરના રોજ ઉપજોન કેન્દ્ર નગવાં, ગાયત્રી શક્તિપીઠ પર કાર્યકર્તા પ્રશિક્ષક પ્રશિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું, જેને શાંતિકુંજના વરિષ્ઠ પ્રતિનિધિ આદરણીય શ્રી વીરેશ્વર ઉપાધ્યાયજી, મધ્યજોન પ્રભારી શ્રી વીરેન્દ્ર તિવારી અને જોન પ્રભારી શ્રી પુરુષોત્તમ દુબેએ પણ સંબોધી હતી. આ શિબિરમાં સંબંધિત જીલ્લાઓ વારાણસી, ગાજીપુર, મઉ, સંત રવિદાસનગર, ભદોહી, મિર્જાપુર, આજમગઢ, જોનપુર, સોનભદ્ર, બલિયા, ચંદૌલી અને કૈમૂરના ૧૫૦ કાર્યકર્તાઓને જન્મ શતાબ્દીના પ્રયાજ ક્રમમાં યોજાઈ રહેલ રાષ્ટ્ર જાગરણ દીપયજ્ઞોના સંચાલનનું પ્રશિક્ષણ આપવામાં આવ્યું.

આદરણીય શ્રી ઉપાધ્યાયજીએ આ શિબિરમાં ધ્યાન અને જપ પર તલસ્પર્શી પ્રકાશ ફેંક્યો. તેમણે જણાવ્યું કે આ એવી ક્રિયાઓ છે જેનાથી વ્યક્તિનું ભાવનાત્મક સ્તર વિકસીત બને છે. ક્રિયાઓથી વિચાર બને છે અને વિચારોથી ભાવનાત્મક સ્તર પ્રભાવિત થાય છે. જપ અને ધ્યાનના સમયે એ સ્મરણ રાખવું જોઈએ કે આ માત્ર ક્રિયાઓ જ ન રહી જાય, તેના પ્રભાવથી ભાવનાઓ પણ શુદ્ધ બને. ભાવમાં



કાર્યકર્તાઓના સંકલ્પોનું અભિનંદન કરી રહેલ આદરણીય શ્રી ઉપાધ્યાયજી

જ ભગવાન વસેલા છે. જેમની ભાવનાઓ નિર્મળ છે, તેઓ જ જન-માનસ પર પોતાનો પ્રભાવ છોડી શકે છે. આદરણીય શ્રી ઉપાધ્યાયજીએ કાર્યકર્તાઓને પરમ પૂજ્ય ગુરૂદેવ દ્વારા આપવામાં આવેલ ૧૮ સત્સંકલ્પોને જીવનમાં આત્મસાત કરવા નિરંતર અભ્યાસમગ્ર રહેવાની પ્રેરણા આપી.

શ્રી વીરેન્દ્ર તિવારીજીએ લોકસેવિઓની આચાર સંહિતા પર પ્રકાશ નાંખ્યો. શ્રી પુરુષોત્તમ દુબે એ કહ્યું કે યુગ નિર્માણીઓની લડાઈ દુશ્ચિંતન સાથે છે, એટલા માટે તેમને જ્ઞાનયજ્ઞ માટે પ્રભાવી પ્રચારક બનવું પડશે. ઉપજોન પ્રભારી શ્રી રામલખન દ્વિવેદીએ જન્મ શતાબ્દી સમારોહને ભવ્યતમ રીતથી સંપન્ન કરાવવાનો સંકલ્પ અપાવ્યો. સમાપન સત્રમાં ડૉ. રોહિત ગુપ્તાએ બધાજ અતિથિઓનો આભાર વ્યક્ત કર્યો. સર્વશ્રી વિંધ્યાચલ સિંહ, પૂર્ણિમા ગુપ્તા, નીલમ ગુપ્તા, રાધેશ્યામ ઉપાધ્યાય, સત્યનારાયણ ગુપ્તા, ડૉ. ઉષા કિરણ સિંહ, હરિશંકર મૌર્યા, સંકટા પ્રસાદ, જે.પી. ઢૌંઢિયાળ, ગંગાધર ઉપાધ્યાય, ભગવાન સિંહ યાદવે શિબિર આયોજનમાં અગ્રણી જવાબદારીઓ સંભાળી. ☯

## રશિયાના નિર્વાચન આયુક્ત ભાવવિભોર બન્યા

રશિયાના સીનિયર મેમ્બર ઓફ ઈલેક્શન કમીશન મિસ એલિના પાવલોવના અને રાજનૈતિક પાર્ટી પીસ એન્ડ યૂનિટીની અધ્યક્ષા સાઝી ઉમાલાતોવા ભારતની આધ્યાત્મિકતાની અનુભૂતિ કરવા પાંચ દિવસના પ્રવાસ પર શાંતિકુંજ આવ્યા. અહીં તેમણે ધ્યાન, યોગ, પ્રાણિક હીલિંગ



આદરણીય ડૉ. સાહેબ અને આદ. શૈલ જીજી સાથે એલિના અને સાઝી ઉમાલાતોવા

અને સંસ્કારોમાં ઉંડી રુચિ લીધી. પોતાના પ્રવાસમાં તેઓ અહીં ભારતના ખૂણે-ખૂણાથી આવેલ લોકોને મળ્યા અને ભારતની ભાત-ભાતની સંસ્કૃતિઓનો પરિચય મેળવ્યો.

વિશિષ્ટ રશિયન બહેનોને સૌથી વધુ શાંતિકુંજની યજ્ઞ પરંપરા અને શાંત વાતાવરણે પ્રભાવિત કર્યા. તેમણે કહ્યું કે ભારતીઓને એ વાતનું ગૌરવ હોવું જોઈએ કે તેમને દેવભૂમિ ભારતમાં જન્મ લીધો છે. રશિયાના રાષ્ટ્રપતિ દમિત્રી મેદવેદેવના નજીકના રાજનીતિક સહયોગી સાઝી ઉમાલાતોવાએ કહ્યું કે દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલય જેવું એક કેન્દ્ર રશિયામાં પણ સ્થાપિત કરવું જોઈએ. તેમણે કહ્યું કે પરમ પૂ. પં. શ્રીરામ શર્મા આચાર્યજીના જન્મ શતાબ્દી સમારોહમાં રશિયન સાંસદોનું એક દળ ભાગીદારી કરશે.

આદરણીય ડૉ. પ્રણવ પંડ્યાજીએ તેમની સાથે ચર્ચા કરતા કહ્યું કે નવા વિશ્વના નિર્માણમાં ભારત અને રશિયા મળીને અહમ યોગદાન કરી શકે છે. તેમણે કહ્યું કે આવનાર દિવસોમાં ભારત અને રશિયાની મિત્રતા વધુ પ્રગાઢ બનશે. ☯

## સેજ, જયપુરમાં યુવા ચેતના શિબિર યોજાયી ગઈ

**જયપુર (રાજસ્થાન)**

તા- ૨૩ અને ૨૪ ઓક્ટોમ્બરના રોજ જયપુરના ઔદ્યોગિક વિસ્તાર એમ. ડબલ્યૂ. સી. સેજમાં સક્રિય અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર દ્વારા યુવા ચેતના શિબિરનું આયોજન રાખવામાં આવ્યું. જેમાં પ્રથમ દિવસે એક બાજુ ભ્રષ્ટાચાર જેવી સામાજિક વિકૃતિઓ પ્રત્યે યુવા શક્તિનો આક્રોશ છવાયેલ રહ્યો તો બીજી બાજુ યુવાનોમાં યુગઋષિની પ્રેરણાથી તમામ કુરિવાજો સામે સંઘર્ષ કરવા માટે જોરદાર સંકલ્પો ઉમટ્યા. શિબિરનું સંચાલન શાંતિકુંજ થી પહોંચેલ સર્વશ્રી રાજકુમાર વૈષ્ણવ, નરેન્દ્ર ઠાકુર, પ્રેમલાલ બિરલા અને યશવંત ઉઈકેએ કર્યું.

શિબિર આવાસીય હતી, જે સુંદર પબ્લિક સ્કૂલ મહાપુરા, જયપુરમાં યોજાઈ હતી. જેમાં સંસ્કૃત ભારતી, વિવેકાનંદ વિચાર મંચ, સુંદર શિક્ષા શાસ્ત્રિ મહાવિદ્યાલય, ઉ.મા. સંસ્કૃત વિદ્યાલય સાથે ક્ષેત્રના બધાજ વિદ્યાલયો અને ગામોના ૫૦૦ યુવાનોએ ભાગ લીધો હતો.

પ્રથમ દિવસે શ્રી રાજકુમાર વૈષ્ણવએ શિબિરનો ઉદ્દેશ્ય જણાવતા આજની વિકૃતિઓથી વ્યથિત યુવા શક્તિની આત્મ વેદના વ્યક્ત કરી. શ્રી નરેન્દ્ર ઠાકુરએ કહ્યું કે ચર્ચા પર્યાપ્ત નથી. આપણે પોતે પરિવર્તનના અગ્રદૂત બની જઈએ, એમાં જ આપણા યૌવનની સાર્થકતા છે. તેમણે કહ્યું કે જ્યારે સ્વયં ભગવાને આપણી વચમાં આવીને આપણું નેતૃત્વ કર્યુ છે તો આ કાર્યમાં કંઈ મુશ્કેલી પણ નથી રહેતી. શાંતિકુંજ પ્રતિનિધિઓએ યુવાનોને કહ્યું કે જે અવાંછનીયતાઓ બાહરી સમાજમાં રહેલી છે, તે ક્યાંયને ક્યાંય આપણા જીવનમાં પણ જામી બેઠી છે. આપણા સંકલ્પ અને સાધનાની મદદથી આપણે તેને જો ઉખાડી ફેંકી દેશુ તો સમાજ પણ સ્વચ્છ બનતો જશે.

બીજા દિવસે પ્રતિભાગીઓમાં યુગ નિર્માણી સંકલ્પ અને આસ્થાઓ જાગી ગઈ હતી. તેઓને મિશનના સપ્ત આંદોલનોનો પરિચય આપવામાં આવ્યો હતો. સામાન્ય રીતે બધામાં નશામુક્તિ, દહેજ અને ખોટા-ખર્ચાઓથી રહિત લગ્ન અને તમામ કુરિવાજો-રુઢિરીવાજોને ત્યાગીને સામાજિક પ્રગતિ માટે સમયદાન-અંશદાન કરવાના સંકલ્પ લીધા. પ્રથમ દિવસે સાંજના સમયે ઈંડો ઈંટરનેશનલના વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ થયા, જેમાં ભ્રષ્ટાચાર પર આધારિત 'ભોલારામની આત્મા'એ બધાને ખૂબ પ્રભાવિત કર્યા.

શિબિરનો શુભારંભ રાજસ્થાનના જોન પ્રભારી શ્રી અંબિકા પ્રસાદ શ્રીવાસ્તવ દ્વારા દીપ પ્રજ્વલનથી થયો. વિવેકાનંદ વિચાર મંચના યોગાચાર્ય શ્રી પ્રહ્લાદ વ્યાસ મુખ્ય અતિથિ હતા, જેમણે યુવાઓને યોગ પ્રશિક્ષણ પણ આપ્યું. આ શિબિરનું સંયોજન પરિવ્રાજક શ્રી સંદીપ ત્રિપાઠીએ કર્યુ, જે છેલ્લા છ મહિનાથી સેજ ક્ષેત્રની યુવા ચેતનાને જગાડવાના સતત પ્રયાસ કરી રહ્યા છે.

મહિન્દ્રા ગ્રુપના વરિષ્ઠ અધિકારી શ્રી સંજય સિન્હા અને ગાયત્રી પરિવારના વરિષ્ઠ કાર્યકર્તા શ્રી ઓમપ્રકાશ અગ્રવાલના સૌજન્યથી ૧૫૦૦૦ રૂપિયાનું સાહિત્ય શિબિરાર્થીઓમાં વિતરિત કરવામાં આવ્યું. સમાપન સત્રમાં પ્રતિભાગીઓએ યુવા ક્રાંતિની મશાલને પ્રજ્વલિત રાખવાના સંકલ્પ લીધા. શ્રી સંદીપ ત્રિપાઠી, ટી.બી.આઈ.ના પ્રોજેક્ટ મેનેજર શ્રી ધર્મેશ શ્રીવાસ્તવ, એમ.ડબલ્યૂ.સી. સેજના પ્રબંધક શ્રી અભિનવ સિંહ, સુંદર શિક્ષણ શાસ્ત્રી મહાવિદ્યાલયના શ્રી રામફૂલ ચૌધરી અને બી.એચ.યૂ.ના શ્રી અનૂપ પાંડેજીને શ્રી રાજકુમાર વૈષ્ણવ અને શ્રી અંબિકા પ્રસાદ શ્રી વાસ્તવે ક્રાંતિની પ્રજ્વલિત લાલ મશાલ થમાવી. ક્ષેત્રના ગણમાન્ય, સરપંચ, શિક્ષકોની સાથે શાંતિકુંજ પ્રતિનિધિઓની ચર્ચા-વિચારણા પણ થઈ. ☯




ચેતના શિબિરમાં ભાગ લઈ રહેલ યુવા મિત્રો અને શાંતિકુંજ પ્રતિનિધિઓ

## ઓરિસ્સામાં પ્રાદેશિક મહિલા સંમેલન

**કટક (ઓરિસ્સા)**

તા-૨૦ અને ૨૧ ઓક્ટોમ્બરના રોજ ઓરિસ્સાના જોનલ સંગઠનની બહેનોની પ્રાદેશિક સંગઠન બનાવવાની પ્રશંસનીય પહેલ પર કટકના નહેરુ ઈંડોર સ્ટેડિયમમાં પ્રાદેશિક મહિલા સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સંમેલનમાં પ્રદેશના ૩૦ જિલ્લાઓની ૨૦૦૦ બહેનોએ ભાગ લીધો. સંમેલનના સંચાલન માટે શાંતિકુંજથી સુશ્રી દીનાબેન ત્રિવેદી, શ્રીમતી મીનાક્ષીબેન શાસ્ત્રી, શ્રીમતી અરુંધતી સાહૂ અને શ્રીમતી લક્ષ્મી સાહૂની ટોળી પહોંચી હતી.

બે દિવસીય સંમેલનમાં પરમ પૂજ્ય ગુરૂદેવના ઉદ્દ્ઘોષ 'એકવીસમી સદી-નારી સદી' વિષય પર શાંતિકુંજ પ્રતિનિધિઓએ વિસ્તારથી જાણકારી આપી. સુશ્રી દીનાબેને કહ્યું કે સતયુગની વાપસી જાગ્રત ભાવ સંવેદનાઓના આધાર પર જ સંભવ છે. ઘર-પરિવારમાં સંવેદના અને સંસ્કારોના જાગરણમાં માતૃશક્તિનું મુખ્ય યોગદાન હોય છે, આથી નારી જ યુગ પરિવર્તનનો આધાર બનશે અને તેજ આવનાર સદીમાં વિશ્વનું નેતૃત્વ કરશે.

સંમેલનમાં પ્રાંતીય અને જિલ્લા સ્તર પર બહેનોનું નવું સંગઠન બનાવવામાં આવ્યું અને તેમને આગામી જવાબદારી પણ સોંપવામાં આવી. આ પહેલા પ્રત્યેક જિલ્લાની પ્રતિનિધિ બહેનોએ પોતાના જિલ્લાની સક્રિયતાનું વર્ણન કર્યુ. પ્રત્યેક જીલ્લાની પાંચ-પાંચ બહેનોનું જીલ્લા સંગઠન બનાવવામાં આવ્યું. સર્વસંમતિથી ૧૦ બહેનોની પ્રાદેશિક સ્તર પર સેન્ટ્રલ કમેટી બનાવવામાં આવી. પ્રાંતને ચાર જોનમાં વહેંચીને ૬-૭ જીલ્લાઓનો પ્રભાર સંભાળી શકે તેવી સમિતિઓ પણ બનાવવામાં આવી. ચારે ઉપજોનોમાં ત્રૈમાસિક સમીક્ષા બેઠકો યોજાશે, જેમાં સેંટ્રલ કમેટીની બહેનો પણ હાજર રહેશે.

### પ્રાદેશિક મહિલા સંગઠન પણ નિમાયું

શાંતિકુંજની ટોળીએ જીલ્લા સમિતિઓને આગામી ત્રણ મહિનામાં પોતાના જીલ્લામાં સંગઠનાત્મક માહિતી સંકલિત કરવા અને સુપ્ત મહિલા મંડળને જાગૃત કરવા, શાંતિકુંજમાં રજીસ્ટ્રેશન ન થયું હોય તો કરાવવાનું કામ સોપ્યું. તેઓને જન્મ શતાબ્દી વર્ષની જવાબદારી પણ જણાવવામાં આવી.

આ સંમેલનમાં કમજોર સંગઠનોની મદદ કરવા, બહેનોની પ્રશિક્ષણ શિબિર આયોજિત કરવા અને સારુ કાર્ય કરી રહેલ શાખાઓને પ્રોત્સાહિત કરવાના ઉપાયો પર પણ ચર્ચા કરવામાં આવી. ગાયત્રી શક્તિપીઠ કટકે આ કાર્યમાં અહમ ભૂમિકા સંભાળવાનો સંકલ્પ લીધો છે. સંમેલનના સમાપન સત્રમાં દીપયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું, જેમાં તમામ બહેનોને પોતાની જવાબદારી પૂર્ણ નિષ્ઠા સાથે નિભાવવા સંકલ્પ લેવડાવવામાં આવ્યા. ☯

**વિચાર બીજ છે અને સ્વભાવ એનું અંકુરિત સ્વરૂપ.**

# મુંબઈમાં સહયોગી શિક્ષકોને પાઠવ્યા અભિનંદન

**મુંબઈ (મહારાષ્ટ્ર)** સાનપાડાના સૌરાષ્ટ્ર પટેલ સમાજના હૉલમાં ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષાના વિશેષ સહયોગીઓને સન્માનિત કરવા માટે એક સમારંભનું આયોજન રાખવામાં




મુંબઈ અભિનંદન સમારંભમાં દીપ પ્રગટાવી ઉદ્‌ઘાટન કરી રહેલ આદરણીય ડૉ.પ્રણવ પંડ્યાજી

આવ્યું હતું. મુંબઈમાં ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષાના કન્વીનર શ્રીમતી ડૉ.એસ.પી.મિત્તલે આ આયોજન રાખ્યું હતું, શિક્ષક મંડળના ચેરમેન શ્રી દિનેશ કાનાની તથા ભૂતપૂર્વ ચેરમેન શ્રીરામ વિચારે કાર્યક્રમના મુખ્ય અતિથિ હતા.

આદરણીય ડૉ.સાહેબે ગણમાન્ય સહયોગીઓનું ભાવભર્યું સન્માન કરતાં કહ્યું કે વિદ્યાદાન વ્યવસાય નહીં, એક ધર્મ છે. જેમાં આપણા વિદ્યાર્થીના જીવનને સાચા અને સમગ્ર વિકાસની દેન છે, સાચા અર્થમાં તે જ સાચો ગુરુ છે. આવા ગુરુજન જ દેશને આદર્શો પર મરી-મિટનારા સાચા નાગરિક પ્રદાન કરી શકે છે.

આદરણીય ડૉ.સાહેબે વિદ્યાની સાચી વ્યાખ્યા કરતાં કહ્યું કે શિક્ષક-છાત્ર અને વાલીના વચ્ચેની કડી છે. આજકાલના વાલીઓ પોતાના બાળકોને માત્ર ડૉક્ટર-એંજીનિયર બનાવવા સુધી જ સીમિત થતા જઈ રહ્યા છે. ઈન્સાન બનાવવાનું કોણ વિચારે છે? શિક્ષકોને આ જિજ્ઞાસાના વિકાસ માટે પણ કંઈક કરવું પડશે.

# મુંબઈ ચેતના કેન્દ્રનું ભૂમિપૂજન

(પાના નંબર-૧૦ નું ચાલુ)

**દીપયજ્ઞ અને પરીક્ષાની ક્ષણો**

પરમ પૂજ્ય ગુરુદેવે એક સંકલ્પ ગીતની રચના કરી છે. ''દીપ હૂઁ જલતા રહૂઁગા, મૈં પ્રલય કી આઁધીયોં મેં અંત તક લડતા રહૂઁગા..'' ગાયત્રી ચેતના કેન્દ્રના ભૂમિપૂજન માટે કંઈક આવી જ પરીક્ષાની ક્ષણોથી ગુજરવું પડ્યું.



દીપયજ્ઞ ભૂમિપૂજનનો અંતિમ કાર્યક્રમ હતો. દૂર-દૂરથી આવેલ ૫૦૦૦ થી વધારે લોકો ત્યાં ઉપસ્થિત રહ્યા હતા. સાંજના ચાર વાગે અચાનક આકાશમાં કાળાડિમ્બ વાદળ છવાઈ ગયા અને આરંભ થઈ ગઈ પરીક્ષાની ઘડી. પોતાના જગતને જગમગાવવા માટે ૨૪૦૦૦ હજાર દીપ તૈયાર હતા, પરંતુ છેવટે સળગે તો કેવી રીતે સળગે?

આદરણીય ડૉ.સાહેબે પોતાના ઉદ્‌બોધનમાં કહ્યું-આ ઐતિહાસિક સમારંભનું મહત્ત્વ ઈંદ્ર દેવતા પણ જાણે છે. એટલા માટે તેઓ પોતાના સહયોગી દેવતાઓની સાથે આશીર્વાદ આપવા માટે ઉપસ્થિત થયા હતા. અહીં પડનારી પ્રત્યેક બૂંદ ચેતના કેન્દ્રના નિર્માણ માટે ધનની વર્ષાનું આશ્વાસન આપી રહી છે. આ સંકલ્પની પરીક્ષા છે. મુંબઈની તમામ ૧૩૫ શાખાઓ સંકલ્પ લે કે તેઓ તમામ ઝંઝાવાતોથી સંઘર્ષ કરીને પણ પોતાની સક્રિયતાથી મિશનનો આલોક ફેલાવતા રહેશે. ગાયત્રી ચેતના કેન્દ્ર આ સંકલ્પને આપને સતત યાદ અપાવતું રહેશે, નવી ઉર્જા આપતું રહેશે. વરસાદને અવરોધ નહીં, ઈશ્વરીય વરદાન માનો. દીપયજ્ઞની સાથે જ આ બધું શાંત થઈ જશે.

થયું પણ આવું જ. દીપયજ્ઞ પછી વરસાદ રોકાઈ ગયો. વરસતા પાણીમાં ટમટમતા દીવડાઓએ દેખાડી દીધું કે અમો સતત સળગતા રહીશું. મંચથી મશાલ સુધી ટેબલ ટ્રેક બનાવવામાં આવ્યું. આદરણીય ડૉ.સાહેબે સ્વયં જઈને ચારે બાજુ આરતી ઉતારી. 'જય મહાકાલ...'નું કીર્તન થયું. 'આનંદ આનંદ કરૂં આરતી.....' આદરણીય ડૉ.પ્રણવ પંડ્યાજીએ મંચથી સ્વયં ગાઈ. લોકો ભાવવિભોર થઈને એમનો સાથ આપી રહ્યા હતા.

આ પૂણ્ય વેળામાં ઉપસ્થિત ગણમાન્યોએ પોતાનો સંકલ્પ-સહયોગની ઘોષણાઓ કરી.

# યુગ પુરોહિત બનવામાં ગૌરવબોધ કરી રહી છે મહાવિદ્યાલયની સુશિક્ષિત વિદ્યાર્થીનીઓ

ભોપાલ (મધ્ય પ્રદેશ) : ગાયત્રી પરિવારની બહેનોને પૌરોહિત્ય કરાવતાં જોવી એ એક સુખદ આશ્ચર્ય છે, પરંતુ હવે પરમ પૂજ્ય ગુરૂદેવના વૈજ્ઞાનિક અધ્યાત્મવાદથી પ્રભાવિત અને આકર્ષિત થયેલ ઉચ્ચ શૈક્ષણિક યોગ્યતા ધરાવતી વિદ્યાર્થીનીઓ પણ હવે પૌરોહિત્ય દ્વારા સમાજને સત્પ્રેરણા આપવા લાગી છે. આ સામાજીક પરિવર્તન તરફ આ દિવસોમાં ભોપાલના મીડિયાનું પણ ધ્યાન આકર્ષિત થયું છે. સમાચાર પત્રમાં આ આશયના વિશેષ સમાચાર પ્રકાશિત થયા, જેમાં નિમ્ન વિદ્યાર્થીનીઓની સક્રિયતાનો વિશેષ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. ☯

## ભા૦સં૦જ્ઞા૦પરીક્ષાના સંયોજકોની રાષ્ટ્રીય બેઠક

**શાંતિકુંજમાં તા-૨૫ તેમજ ૨૬ ડિસેમ્બર-૨૦૧૦ના રોજ ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષાના પ્રાંતિય અને જિલ્લા સ્તરીય સંયોજકોની બેઠક રાખવામાં આવી છે. તમામ સંયોજકોને આ આશયનો વિસ્તૃત વિવરણ પત્ર મોકલી દેવામાં આવ્યા છે. કોઈ કારણ વશ આ પત્ર ન મળ્યો હોય તો કૃપા ટેલિફોન નં.૦૧૩૩૪-૩૧૯૫૫૯ અથવા મોબાઈલ નં-૦૯૩૫૮૫૬૧૫૧૭ થી વિસ્તૃત જાણકારી મેળવી બેઠકમાં ઉપસ્થિત થવાની વ્યવસ્થા બનાવી લે.**

## નવી ત્રિમાસિક સંગીત પ્રશિક્ષણ શિબિર ૦૧લી જાન્યુઆરી-૨૦૧૧ થી આરંભ

**છેલ્લા કેટલાક વર્ષોથી શાંતિકુંજમાં ચાલી રહેલ ત્રિમાસિક યુગ સંગીત પ્રશિક્ષણ શિબિરની હારમાળા અંતર્ગત નવી શિબિર આગામી ૦૧ લી જાન્યુઆરી-૨૦૧૧ થી આરંભ થવા જઈ રહેલ છે. તેમાં તાલીમાર્થીઓને સંગીતમય શૈલીમાં કથા-પ્રવચનોની શૈલી શિખડાવવામાં આવે છે. આ શિબિર કેવળ ભાઈઓ માટે જ છે. એમાં એ જ ભાઈઓ ભાગ લઈ શકે છે કે જેઓ:-**

**⊙શાંતિકુંજમાં એક માસની અથવા પરિવ્રાજક શિબિર કરી ચુક્યા છે.**



**⊙ડફલી, હારમોનિયમ, તબલા અથવા નાલની આરંભિક જાણકારી ધરાવે છે.**

**⊙ પ્રાદેશિક ટોળીઓ યા શક્તિપીઠ પર સંગીત ક્ષેત્રમાં સમયદાન આપે છે.**

**⊙ જેમની ઉંમર ૨૦ થી ૪૫ વર્ષની વચ્ચે છે.**

**આ સૂચના પરિજનોને મળે ત્યાં સુધી શિબિરનો આરંભ થઈ જશે. છતાં પણ જે પરિજનો ઉપરોક્ત શરતે સાચા ઠરશે, તો તે પરિજનો અગર જો ભાગ લેવા ઈચ્છા ધરાવતા હશે, તેઓ પોતાની પૂરેપૂરી માહિતી શાંતિકુંજના સંગીત વિભાગને ફોન નંબર-૦૧૩૩૪-૨૬૦૬૦૨, ૨૬૦૪૦૩, એક્સ.૧૯૦ પર તાત્કાલિક આપી દે અને મંજૂરી મળ્યા પછી જ અહીં પહોંચવાની વ્યવસ્થા બનાવી લે.**

## દૈનિક ભાસ્કર, ભોપાલ પ્રકાશિત સમાચાર પર આધારિત



### મા પાસેથી મળી પ્રેરણા

**ઋષિકા દુબે** - પટેલ ફાર્મસી કૉલેજમાં એમ.ફાર્માની વિદ્યાર્થીની ઋષિકા દુબેને પૌરોહિત્યમાં દક્ષતા મેળવવાની પ્રેરણા તેમની માતા શ્રીમતી નીલમ દુબે દ્વારા મળી. તે લોકોને યજ્ઞની સાથે સાથે પર્યાવરણ શુદ્ધિ અને તણાવ મુક્તિ પર તેનાથી થનારા સકારાત્મક પ્રભાવની જાણકારી આપી.



### હવે મને જ બોલાવે છે

**યુક્તા વર્મા** - આર.કે.ડી.એફ. કોલેજમાં એમસીએ પ્રથમ વર્ષની વિદ્યાર્થીની યુક્તા વર્મા લાંબા સમયથી પૂજા અને હવન કરાવી રહી છે. તે કહે છે કે - પહેલા તો લોકોને વિશ્વાસ જ નહતો થતો કે હું પૂજા-યજ્ઞ કરાવી શકીશ. જ્યારે મે મંત્રોનો પાઠ પૂરી શુદ્ધતા અને વિધિ પૂર્વક કરાવ્યો તો કેટલાક લોકો હવે પૂજા માટે મને જ બોલાવે છે.



### પરિવર્તન સંભવ છે

**સપના ડઢોરે** - શ્રી સત્યસાંઈ મહિલા મહા-વિદ્યાલયમાં બીએસસી અંતિમ વર્ષની વિદ્યાર્થીની વિભિન્ન સંસ્કાર ખૂબ ઉત્સાહ સાથે કરાવે છે. તેનું માનવું છે કે સમાજની મનોદશાને બદલવા માટે આ ખૂબ જ પ્રભાવશાળી ઉપાય છે. પુરોહિત ઈચ્છે તો યજ્ઞ-સંસ્કારથી લોકોની વિચારશૈલી બદલી શકે છે. દેશના વિકાસમાં તમામ વ્યક્તિઓનું યોગદાન હોવું જોઈએ. લોકોના વિચારોને ઠીક કરવા એ સૌથી મોટી સેવા છે.



### એકાગ્રતાની પ્રેરણા

**ડૉ. ઈલા સિંહ** - આરકેડીએફમાં મેડિકલનો અભ્યાસ પૂર્ણ કરી ઈંટર્નશિપ કરી રહેલ ડૉ. ઈલા સિંહે પોતાના ભણતરની સાથે પૌરોહિત્યનું પ્રશિક્ષણ લીધું અને ઘરે-ઘર યજ્ઞ-સંસ્કારનો શુભારંભ કરી દીધો. તે અત્યાર સુધી કેટલાય સંસ્કારો કરાવી ચુકી છે. તેનું માનવું છે કે ઘરે-ઘર યજ્ઞ-સંસ્કાર કરાવતા એક તરફ સમાજસેવા કરવાનો આત્મ સંતોષ મળે છે તો બીજી તરફ સદ્‌ગુરૂ પ્રત્યે સમર્પણ ભાવથી દિવ્ય શક્તિઓની અનુભૂતિ થાય છે અને અધ્યયનમાં એકાગ્રતા વધે છે. ☯

## એ ચમકતો તારો અદ્રશ્ય થઈ ગયો

પોતાના પ્રેમ અને સેવાઓથી લાખો લોકોના દિલને જીતનાર શાંતિકુંજનો સ્વયંસેવક શ્રી સુંદર સિંહ તારીખ ૨૬ નવેમ્બરના રોજ પરમ પૂજ્ય ગુરૂદેવ, પરમ વંદનીય માતાજીની સૂક્ષ્મ ચેતનામાં સમાઈ ગયો. આમ તો પાછલા કેટલાય વર્ષોથી શાંતિકુંજના પરિવહન વિભાગમાં સેવાઓ આપી રહ્યો હતો, પરંતુ તેણે પોતાની જાતને હંમેશા સ્વયંસેવક જ બનાવી રાખી હતી. જ્યારે પણ, જ્યાં પણ અવસર મળે, તે લોકોને પ્રેમ વહેંચતો, તે હંમેશા યુગઋષિના સદ્‌વિચારોને વહેંચતો જ નજર આવતો. પછી ભલેને કોઈ એયરપોર્ટનો અધિકારી હોય, માર્ગનો ચોકીદાર કે દુકાનદાર, એક વાર જે પણ એને મળ્યો તે તેને ભુલી નથી શકતો.



સ્વ.શ્રી સુંદર સિંહનું દેહાવસાન એક સડક ઘટનામાં થઈ ગયુ. પોતાના યુવાન સાથીની અસમયની વિદાઈ પર આખા શાંતિકુંજે તેને ભીંજાયેલ પાંપણ સાથે વિદાઈ આપી. તેના સન્માનમાં તા-૨૭ નવેમ્બરની સમી સાંજે એક ગુણ નિવેદન શ્રદ્ધાંજલિ સભાનું આયોજન રાખ્યું હતું. આદરણીય ડૉ. પ્રણવ પંડ્યાજી, આદરણીય શ્રી ગૌરીશંકર શર્માજી, ડૉ. એ.કે. દત્તા, શ્રી શ્યામ પ્રતાપ સિંહ અને આગરાના એડવોકેટ જિતેન્દ્ર સિંહે તેના ગુણોનું સ્મરણ કરતા તેને એક દૈદીપ્યમાન તારો, સૌનો લાડલો અને એક આદર્શ સ્વયંસેવક બતાવ્યો. તેની આત્માને શાંતિ, સદ્‌ગતિ મળે અને પત્નિ શ્રીમતી પ્રિયંકા સાથે ઘરના બધાજ સ્નેહી-સંબંધીઓને આ વજાઘાતને સહેવાની શક્તિ મળે, એવી પ્રાર્થનાની સાથે દિવંગત આત્માને ભાવભીની શ્રદ્ધાંજલિ આપવામાં આવી.

# યુગઋષિ દ્વારા સ્થાપિત વિદ્યાપીઠના આદર્શ બીબામાં ઘડાઈ રહેલ બાળપણ

## ગાયત્રી વિદ્યાપીઠનો ૩૦ વાર્ષિકોત્સવ યોજાઈ ગયો

**ગાયત્રી વિદ્યાપીઠ**
**ગાયત્રીકુંજ (શાંતિકુંજ)**


નાના બાળકો દ્વારા સરસ્વતી વંદનાની રજુઆત


નાના બાળકનું યોગ કૌશલ


યોગથી યોગેશ્વરનો લીલા સંદોહ


પુલકિત થયેલ ડૉ.સાહેબ-જીજી

તા-૧૩ અને ૧૪ નવેમ્બરના રોજ ગાયત્રી વિદ્યાપીઠનો વાર્ષિકોત્સવ ઉજવવામાં આવ્યો. તેની અંતર્ગત વિવિધ ગૃહો વચ્ચે સ્પર્ધામાં વિજ્ઞાન પ્રદર્શન, આર્ટ એન્ડ ક્રાફ્ટ પ્રદર્શન, સાંસ્કૃતિક કાર્યક્રમો વગેરે યોજવામાં આવ્યા હતા.

વાર્ષિકોત્સવનો શુભારંભ રમત ગમત હરિફાઈ પહેલાં ધ્વજારોહણ, સરસ્વતી વંદના તેમજ ગણેશ સ્તુતિ દ્વારા થયો. આદ.ડૉ.પ્રણવ પંડ્યાજી તથા આદ.શૈલબહેન ઉદ્‌ઘાટન સમારંભના મુખ્ય અતિથિ હતા. તેમણે કહ્યું કે જીવનમાં રમતનું વિશેષ મહત્ત્વ છે, કેમ કે જીવન પણ એક રમત છે. રમતોથી આરોગ્ય જ જળવાતું નથી, બલ્કે એ ખેલદીલી ભાવનાનો પણ વિકાસ થાય છે, જેના આધારે વ્યક્તિને જીવનની દરેક હાર-જીત સારી-નરસી પરિસ્થિતિઓમાં સમતોલન સ્થાપિત કરતાં આવડી જાય છે. જીવનમાં પ્રગતિ માટે આ નિતાંત આવશ્યક ગુણ છે. આ અવસર પર તેમણે બાળકોના સમગ્ર વિકાસમાં શિક્ષક તેમજ વાલીઓની જવાબદારી પણ બતાવી.

પહેલાં દિવસે નર્સરીથી લઈને ધોરણ-૧૧મા સુધીના વિદ્યાર્થીઓ માટે ૨૪ પ્રકારની રમત હરિફાઈ યોજવામાં આવી હતી. આગામી દિવસે વાદ-વિવાદ, નિબંધ, શ્લોક તેમજ કવિતા ઉચ્ચારણ, મહેંદી, યોગાસન જેવી હરિફાઈનું આયોજન રાખવામાં આવ્યું હતું. સાંજના સમયે રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં સમુહ નૃત્ય, સંગીત તેમજ નાટકોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. તમામ હરિફાઈમાં વિદ્યાપીઠના ચાર ગૃહ-શ્રીરામ ગૃહ, ભગવતી ગૃહ, વિવેકાનંદ ગૃહ અને લક્ષ્મીબાઈ ગૃહે ભાગ લીધો હતો.




આદ.ડૉ.સાહેબ પ્રદર્શન નિહાળી રહેલ અને આચાર્ય શ્રી મહાજનજી બાળકોને ઈનામ પ્રદાન કરી રહેલ

વાર્ષિકોત્સવમાં વિજ્ઞાન પ્રદર્શન અને કમ્પ્યૂટર પર આધારિત આર્ટ એન્ડ ક્રાફ્ટ પ્રદર્શન લગાવવામાં આવ્યું હતું. એમાં બાળકોએ આધુનિક વિજ્ઞાન પ્રગતિને દર્શાવતાં આકર્ષિત ચલચિત્ર પ્રદર્શિત કર્યા. આદ.શ્રી ગૌરીશંકર શર્મા, શ્રીમતી યશોદા શર્મા, ડૉ.ચિન્મય પંડ્યા, શ્રીમતી શેફાલી પંડ્યા, શ્રી સંદીપકુમાર-કુલસચિવ, ડૉ.એ.કે. દત્તા, શ્રી શિવ પ્રસાદ મિશ્રા, શ્રી રામસહાય શુક્લા સહિત શાંતિકુંજના અનેક વરિષ્ઠ પ્રતિનિધિઓએ એને જોઈને બાળકોના પુરુષાર્થની પ્રશંસા કરી-પ્રોત્સાહન આપ્યું.

**આ ગાયત્રી વિદ્યાપીઠનો ૩૦ મો વાર્ષિકોત્સવ હતો. ગાયત્રી વિદ્યાપીઠની સ્થાપના તા-૧ જૂન-૧૯૮૦ના રોજ પરમ પૂજ્ય ગુરુદેવ તેમજ વંદનીય માતાજીએ કરી હતી. તેમની આકાંક્ષા અનુરૂપ શાંતિકુંજ પરિવારને આ વિદ્યાલયને એક આદર્શ શિક્ષણ સંસ્થાના રૂપમાં વિકસિત કરવાનો પૂરેપૂરો પ્રયાસ કર્યો છે. આચાર્ય શ્રી કૈલાસ મહાજનના જણાવ્યા અનુસાર ગાયત્રી વિદ્યાપીઠમાં સી.બી.એસ.ઈ.ની સતત તેમજ સમગ્ર મૂલ્યાંકન પદ્ધતિના આધારે છાત્ર-છાત્રાઓના સમગ્ર વિકાસ માટે પાઠ્યેતર ગતિવિધિઓ પર પણ પૂરેપૂરૂ ધ્યાન આપવામાં આવે છે. જેમાં વિદ્યાર્થીઓનો ભાગ લેવો અનિવાર્ય છે.**

# બિમારીઓને જાતે આમંત્રણ આપવાથી બચે ગ્રામવાસી

## શાંતિકુંજમાં યોજાયેલ જળ પ્રબંધનની રાષ્ટ્રીય કાર્યશાળાએ આપ્યો સંદેશ

પોતાના આરોગ્ય પ્રત્યે જાગરુકતાના અભાવમાં ગામના લોકો ઝાડા-ઉલટી, પીળીયો, કબજીયાત, તાવ જેવી અનેક બિમારીઓને જાતે આમંત્રણ આપે છે. દુષિત પાણીના પ્રયોગથી આ બધુ થાય છે. અગર તેઓ થોડી પણ સાવધાની રાખે અને ગામમાં તથા આસપાસ થનારી ગંદકીથી બચે તો આરોગ્યની અડધાથી વધારે સમસ્યાઓનું સમાધાન થઈ શકે છે. ખુલ્લામાં જાજરૂ જવું સૌથી વધારે ઘાતક હોય છે. લોકો એ નથી જાણતા કે આ મળ પાછો ગામવાસીઓના મોઢામાં આવે છે અને એના કારણે પેદા થનારા બેક્ટેરિયા પાણીના માધ્યમથી એમના સુધી પહોંચીને વિભિન્ન બિમારીઓ પેદા કરે છે.




(૧) ગ્રામ સર્વેક્ષણ પછી એકત્રિત થયેલ જાણકારીઓનું અધ્યયન કરી એક્શન પ્લાન બનાવી રહેલ તાલીમાર્થી ટીમ
(૨)ગામનો નકશો બનાવી ખુલ્લામાં જાજરાના કારણોથી થઈ રહેલ ગંદકી અને એનાથી જળ સ્રોતોનું પ્રદૂષણની જાણકારી આપી રહેલ પ્રશિક્ષક

આ મહત્ત્વપૂર્ણ જાણકારી શાંતિકુંજમાં ૮ થી ૧૨ નવેમ્બરની તારીખોમાં યોજાયેલ રાષ્ટ્રીય જળ પ્રબંધન કાર્યશાળામાં કોર્સ ડાયરેક્ટર ડૉ.વિનોદકુમાર મિશ્રાએ આપી. આ કાર્યશાળા ઉત્તરાખંડ સરકારી એકડેમી નૈનીતાલ(કેન્દ્ર સરકારની શાખા) દ્વારા યોજવામાં આવી હતી. જેમાં રાજસ્થાન, બિહાર, ઝારખંડ, છત્તીસગઢ, ગુજરાત, ઉત્તર પ્રદેશ અને ઉત્તરાખંડના ગાયત્રી પરિવારના સર્જનાત્મક આંદોલનથી સાથે જોડાયેલ ૮૭ કાર્યકર્તાઓએ ભાગ લીધો હતો. દે.સં.વિ.વિ.માં જળ પ્રબંધન પાઠ્યક્રમમાં ભાગ લઈ રહેલ વિદ્યાર્થીઓ પણ એમાં સામેલ થયા હતા.

કાર્યશાળામાં ગામોમાં પાણીની શુદ્ધતા બનાવી રાખવા અને અશુદ્ધ પાણીને શુદ્ધ કરવાના ઉપાયો પર મુખ્ય રૂપથી ચર્ચા થઈ. આ પ્રાયોગિક પ્રશિક્ષણ પ્રધાન કાર્યશાળા હતી. શિબિરાર્થીઓને નજીકના છ ગામોમાં આદર્શ ટીહરી નગર-૧, આદર્શ ટીહરી નગર-૩, પુરુષોત્તમ નગર, બસેડા, મોહનાવાલા અને માંડાબેલા ગામોમાં જઈને ગ્રામવાસીઓને સ્વચ્છતા તેમજ આરોગ્ય સંબંધી જાણકારી આપતાં વિષય વિશેષજ્ઞોથી તાલીમ મેળવી. તેમણે વ્યવસ્થિત ગણના અને પ્રત્યક્ષીકરણની સાથે જણાવ્યું કે ૨૦૦૦ લોકોની આબાદીવાળા ગામના લોકો અગર ખુલ્લામાં જાજરૂ જાય છે તો એક વર્ષમાં એ ગામમાં સાડા ચૌદસો ક્વીંટલ મળ વિસર્જિત થાય છે. આ જ મળ વિભિન્ન પ્રકારની બીમારીઓનું મુખ્ય કારણ બને છે. એના સિવાય એને ગામને વિભિન્ન પ્રકારની ગંદકીથી બચવા અને બચાવવાના ઉપાય પણ જણાવ્યા. કાર્યશાળામાં નીચે જણાવેલ મુજબ મહત્ત્વપૂર્ણ જાણકારીઓ આપવામાં આવી.

### ગામમાં જળ પ્રદૂષણ કેવી રીતે?

ગ્રામીણોનું ખુલ્લામાં જાજરૂ જવું પ્રદૂષણનું મુખ્ય કારણ છે. આ ગંદકી જમીનમાં શોષાઈને ભૂગર્ભમાં આવેલ પાણીમાં જાય છે અને પાણીને દૂષિત કરે છે. જે પાણી બિલકુલ સાફ દેખાય છે, તેમાં પણ વિભિન્ન પ્રકારના રોગ પેદા કરનારા બેક્ટેરિયા હોય છે.

શૌચાલયથી અગર ૧૦ મીટરની દૂરી પર પણ કોઈ હેન્ડપંપ છે તો એનું પાણી નિશ્ચિત રૂપથી પ્રદૂષિત થાય છે.

ગંદા નાળા, ગંદી ગલીઓ અને વિભિન્ન પ્રકારની ગંદકીઓથી પણ વિભિન્ન પ્રકારના રોગવાળા બેક્ટેરિયા પેદા થાય છે.

(વધુ પા૦ નં૦-૩ પર જુઓ)

**ઈષ્ટની સાથે આત્મીયતા સ્થાપિત કરી એના આદર્શો-સિદ્ધાંતોમાં ઢળવાનો પ્રયત્ન કરવો જ સાચી ભગવદ્‌ભક્તિ છે.**

# ઔદ્યોગિક પાટનગર મુંબઈમાં ગાયત્રી ચેતના કેન્દ્રનું ભૂમિપૂજન થયું



વરસાદના પડકાર હોવા છતાં પણ દીપમહાયજ્ઞમાં ઉમટ્યો જોરદાર ઉલ્લાસ અને દીપયજ્ઞના સમયે આરતી ઉતારી રહેલ ડૉ.સાહેબ

**મુંબઈ (મહારાષ્ટ્ર)**

પરિજનોની આઠ વર્ષની તપસ્યા રંગ લાવી. મુંબઈમાં ગાયત્રી ચેતના કેન્દ્રના બાંધકામથી પરમ પૂજ્ય ગુરુદેવની યુગ નિર્માણ યોજનાને ઉદ્યોપતિઓ, કલાકારો, ધનવાનો, સિનેમા જગત સુધી પહોંચાડવાનો પ્રયત્ન વધારે પ્રભાવશાળી થશે. દેશનું ઔદ્યોગિક પાટનગરના લોકોને એક દૃષ્ટિમાં મિશનની સંકલ્પના તથા ગતિવિધિઓને જોવા-સમજવાનો અવસર પ્રાપ્ત થશે. મુંબઈમાં ૧૩૫ શાખાઓ સક્રિય છે, હજારો નવયુવક જનજીવનમાં ગાયત્રી અને યજ્ઞનું દર્શન પહોંચાડવા માટે ધન-મનથી સક્રિય છે. ગાયત્રી ચેતના કેન્દ્રના અસ્તિત્વમાં આવવાથી એમના પ્રયાસોને નવી ઉર્જા મળશે. આ કેન્દ્ર મુંબઈ અને મહારાષ્ટ્ર જ નહીં, વિદેશોમાં પણ ગાયત્રી ચેતનાનો વિસ્તાર કરશે.

અખિલ વિશ્વ ગાયત્રી પરિવારના મુખ્ય પ્રતિનિધિ આદરણીય ડૉ.પ્રણવ પંડ્યાજીએ તા-



વિભૂતિઓનું સન્માન કરવામાં આવ્યું

૨૧ નવેમ્બરના રોજ સાનપાડા, નવી મુંબઈમાં યોજાયેલ ગાયત્રી ચેતના કેન્દ્ર ભૂમિપૂજન સમારંભમાં આ વિચાર વ્યક્ત કર્યા. આ સમારંભમાં ૧૧ વિશેષ યજમાન, ૧૦૮ યજમાન, આર્કિટેક્ટ, એંજીનિયર, ઉદ્યોગપતિ-ઓ સહિત ૨૦૦૦ કર્મઠ પરિજન ઉપસ્થિત રહ્યા હતા. દૂર-દૂરના શહેર-શાખાઓથી ૮૦ બસોમાં પરિજનો આવ્યા હતા.

મુંબઈના વરિષ્ઠ કાર્યકર્ત્તા શ્રી મનુભાઈ પટેલ, શ્રી મિહિર ભાઈ કોટેચા શ્રીમતી રેવા શર્મા વગેરે ગાયત્રી ચેતના કેન્દ્રના નિર્માણ માટે પાછલા ૮ વર્ષોથી સતત પ્રયત્નશીલ છે. વચ્ચે થોડી આશા પણ જાગી, પરંતુ અનૈતિક્તા તથા અરાજકતાના આ યુગમાં સ્વસ્થ પ્રયાસોને સફળતાથી વંચિત જ રહેવું પડ્યું. ગુરુકૃપાથી એમની જન્મશતાબ્દીની પૂર્વ વેળામાં આ મહાન સંકલ્પ પૂરો થવા જઈ રહ્યો છે. આ ભૂમિપૂજન સમારંભમાં યુગ નિર્માણ આંદોલન સાથે જોડાયેલ અનન્ય ભાવથી સમર્પિત પ્રાણવાન કાર્યકર્ત્તાઓએ એને એક વર્ષની અંદર જ પૂરો કરી લેવાનો સંકલ્પ વ્યક્ત કર્યો.

શાંતિકુંજથી ડૉ.બૃજમોહન ગૌડ, શ્રી શરદ પારધી, શ્રી અશોક દાસ, શ્રી અશોક ઢોકે, યુગગાયક શ્રી ગોવિંદ પાટીદાર, શ્રી પ્રેમલાલ બિરલા તથા શ્રી અમરસિંહ નાગની ટોળી બે દિવસ પહેલાં પહોંચી ગઈ હતી. આદ.ડૉ.સાહેબ તથા શ્રી સૂરજ પ્રસાદ શુક્લાજી તા-૨૦ નવેમ્બરના રોજ સાંજના સમયે પહોંચ્યા અને મુખ્ય વ્યક્તિઓ સાથે મુંબઈમાં ભાવી સક્રિયતાના બિંદુઓ પર ચર્ચા કરી, માર્ગદર્શન આપ્યું.

(વધુ પાના નંબર-૮ પર જુઓ)





**ઉપરઃ-(૧) ગાયત્રી ચેતના કેન્દ્રનું મૉડલ દર્શાવવામાં આવેલ છે.**
**નીચેઃ-(૨) ગાયત્રી ચેતના કેન્દ્રનું ભૂમિપૂજન કરી રહેલ આદરણીય ડૉ.પ્રણવ પંડ્યાજી તથા વરિષ્ઠ પરિજનો.**

**ગાયત્રી ચેતના કેન્દ્ર નવી મુંબઈમાં સાનપાડા રેલવે સ્ટેશનથી માત્ર પાંચ મિનીટ પગદંડી પર ચાલી અને મુંબઈ-પૂના મહામાર્ગની નજીક સેક્ટર-૪, પ્લોટ નં-૨૦ પર બનાવવામાં આવી રહ્યું છે. ૧૧૦૦૦ વર્ગ ફૂટની ભૂમિ પર બની રહેલ ગાયત્રી ચેતના કેન્દ્રમાં મંદિર અને પિરાપિડ આધારિત ધ્યાન કેન્દ્ર કંઈક વિશેષ હશે. અહીં સૂર્ય કિરણો અને ચંદ્રની શીતલ કિરણો પર આધારિત વિશેષ પ્રયોગ કરવામાં આવશે.**

## ભૂમિ સંસ્કાર અને ગણમાન્યોનો સંકલ્પ



મંચાસીન ગણમાન્ય અને સભાને સંબોધન આપી રહેલ આદરણીય ડૉ.પ્રણવજી

ભૂમિ પૂજનનો કાર્યક્રમ તા-૨૧ નવેમ્બરના રોજ પ્રાતઃ ૯ વાગે આદરણીય ડૉ. પ્રણવ પંડ્યાજી દ્વારા ભૂમિ સંસ્કાર અને મંગલ પંચદ્રવ્યોની સ્થાપનાની સાથે સંપન્ન થયો. આ અવસર પર લોકસભાના વિપક્ષના નેતા શ્રી ગોપીનાથ મૂંડે, પાલક મંત્રી થાના વિભાગના શ્રી ગણેશ નાઈક, રેહબ હાઉસિંગ પ્રા.લિ. મુંબઈના ચેરમેન શ્રી ભગવાનદાસ પટેલ, ભાજપ યુવા મોરચા મુંબઈના પ્રમુખ શ્રી મિહિરભાઈ કોટેચા, શ્રીમતી વાસંતીબેન મુકુંદભાઈ શાહ, શ્રી ચંદ્રશેખર યાદવ (એરોલી), શ્રી પ્રતાપભાઈ ઠક્કર- દર્શન એસોસિએટ, શ્રીમતી વિણાબેન મહેશ્વરી, શ્રીમતી પ્રવિણાબેન હિતેન્દ્ર ઠાકોર, ઉદ્યોગ સંસ્થાન વિરારના અધ્યક્ષશ્રીની વિશેષ ઉપસ્થિતિ રહી હતી.

અહીં એ વાતનો ઉલ્લેખ કરવા જેવો છે કે આ પરિજનોનું ચેતના કેન્દ્રના બાંધકામમાં વિશેષ યોગદાન છે. દીપયજ્ઞના સમયે સહયોગની ઘોષણા કરવામાં આવી. **આ મહાનુભાવોએ પાંચ મિનીટમાં જ લગભગ ૩ કરોડ રૂપિયાના અનુદાનની ઘોષણા કરી દીધી.** દીપયજ્ઞના સમયે વિશેષ અતિથીઓનું ભાવભર્યુ સન્માન કરવામાં આવ્યું. તેમને પોતાના ઉદ્ગાર પણ વ્યક્ત કર્યા.

### મહાનુભાવોના ઉદ્ગાર

**શ્રી ગણેશ નાઈક, પાલક મંત્રી ઠાણા વિભાગઃ**-હું ધાર્મિક આડંબરોમાં વિશ્વાસ નથી રાખતો, પરંતુ પૂજ્ય ગુરુદેવના સાહિત્ય અને ડૉ.પંડ્યાજીના વિચારોથી ખૂબ જ પ્રભાવિત છું, એટલા માટે અહીં આવ્યો છું.

**શ્રીમતી વાસંતીબેન મુકુંદભાઈ શાહઃ**-મારા પતિ સ્વ.શ્રી મુકુંદભાઈએ ૨૦ વર્ષ પહેલાં જે સ્વપ્ન જોયું હતું, તે આજે સાકાર થઈ રહ્યું છે.

**શ્રી મનુભાઈ પટેલઃ**-૮ વર્ષોની મહેનત રંગ લાવી. શ્રદ્ધેય ડૉ.સાહેબની ઉપસ્થિતિથી અમારા સંકલ્પને બળ મળ્યું છે. અમો આ કેન્દ્રને એક વર્ષમાં જ તૈયાર કરી દઈશું.

**ડૉ.એસ.પી.મિત્તલઃ**-આ ચેતના કેન્દ્ર મુંબઈને સંસ્કાર નગરી બનાવશે. શિક્ષણ અને સિનેમા જગત સુધી મિશનને પહોંચાડશે.

**શ્રી સુદર્શનજી-સરસંઘ ચાલકનો સંદેશ**

મારી આવવાની ખૂબ જ ઈચ્છા હતી, પરંતુ અવસર ચૂકી રહ્યો છું. ગાયત્રી પરિવાર સાચા અર્થોમાં રાજનીતિથી ઉપર ઉઠીને કાર્ય કરી રહ્યું છે. ગાયત્રી ચેતના કેન્દ્રના નિર્માણમાં મારો પૂરો સહયોગ રહેશે.

## કુ.અંજલિને સંગીત ક્ષેત્રમાં રાષ્ટ્રીય સન્માન

ગાયત્રી વિદ્યાપીઠમાં ધોરણ ૮ની વિદ્યાર્થીની તથા શાંતિકુંજના સમર્પિત કાર્યકર્ત્તા શ્રીમતી લક્ષ્મી અને શ્રી વિજય હિરવાણીની સુપુત્રી કુમારી અંજલિને સંગીત ક્ષેત્રમાં રાષ્ટ્રીય સન્માન મળ્યું છે. રાષ્ટ્રીય સાંસ્કૃતિક પ્રતિભા શોધ સંસ્થાન, નવી દિલ્લીની વાર્ષિક હરિફાઈમાં કુમારી અંજલિને તેના ઉત્કૃષ્ઠ પ્રદર્શનના આધારે ઉત્તરાખંડ રાજ્યમાં સંગીત (ગાયન)ના ક્ષેત્રમાં ઉભરી રહેલ બાળ પ્રતિભાના રૂપમાં પસંદ કરવામાં આવી હતી. આ અંતર્ગત તેને સંસ્થા તરફથી ૩ વર્ષ સુધી માસિક શિષ્યવૃત્તિ મળતી રહેશે.

રાષ્ટ્રીય સાંસ્કૃતિક પ્રતિભા શોધ સંસ્થા, નવી દિલ્લી દરવર્ષે કલાના ક્ષેત્રમાં હરિફાઈઓનું આયોજન કરી જુદી-જુદી કલાઓમાં દરેક રાજ્યની બે-બે બાળ પ્રતિભાઓને પસંદ કરે છે. પાછલા કેટલાય વર્ષોથી ગાયત્રી વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ સંગીત પ્રતિયોગિતામાં જ્વલંત સફળતા સાથે સન્માનિત થઈ રહ્યા છે. ☯

**સ્વામીઃ-**યુગ ચેતના ટ્રસ્ટ શાંતિકુંજ હરિદ્વાર શ્રીમતી શૈલબાળા પંડ્યા શાંતિકુંજ હરિદ્વાર દ્વારા પ્રકાશિત અને યુગાન્તર ચેતના પ્રેસ હરિદ્વારમાં મુદ્રિત અને યુગચેતના ટ્રસ્ટ શાંતિકુંજ દ્વારા પ્રકાશિત. સંપાદક વીરેશ્વર ઉપાધ્યાય **એડ્રેસઃ-શાંતિકુંજ હરિદ્વાર (ઉત્તરાખંડ) પીન નંઃ- ૨૪૯૪૧૧, ફોન નંબર-(૦૧૩૩૪) ૨૬૦૬૦૨, ૨૬૧૩૨૮ ફેક્સ-નં-૨૬૦૮૬૬**

www.awgp.org, www.dsvv.org
Email:-shantikunjnews@awgp.org

R.No.UA/DO/DDN/29/2009-11
LICENCE TO POST
W/O PREPAYMENT
NO. WPP/05/05
RENEWED
UP TO-2011